RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) દૈનિક

E mail - prdpraval@yahoo.co.uk

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 8 * Issue No. 251* Date: 08.07.2022 Friday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# બ્રિટનના વડાપ્રધાન બોરિસ જોનસને હોદ્દા પારથી રાજીનામુ આપ્યું

## બ્રિટનના પીએમ બોરિસ જોન્સન ગયા મહિને વિશ્વાસ મત જીતવામાં સફળ થયા હતા

લંડન,તા.૭

બોરિસ સરકારમાં રાજીનામાનો દોર ચાલુ છે. હોમ ઓફિસ મિનિસ્ટર (ન્યાય) વિક્ટોરિયા એટકિન્સે બાદ હવે બોરિસે પણ રાજીનામું આપી દીધું છે.બોરિસ સરકારના મંત્રી જોન ગ્લેને પણ રાજીનામું આપી દીધું છે. તેમણે ટ્વીટ કર્યું કે હું ખેદ સાથે સરકારમાંથી રાજીનામું આપી રહ્યો છું. હું આ મામલે મીડિયા ઈન્ટરવ્યુ નહીં કરું. ૨૪ કલાકથી ઓછા સમયમાં બ્રિટિશ સરકારના ૧૬ અગ્રણી લોકોએ રાજીનામું આપ્યું છે. બ્રિટનના વડા પ્રધાન બોરિસ જોન્સન પર રાજીનામું આપવાનું દબાણ વધી ગયું હતું રહ્યું છે.

બ્રિટનમાં સાંસદ ક્રિસ પિન્ચર પર દારૂના નશામાં જાતીય દુર્વ્યવહાર અને લોકો સાથે ગેરવર્તન કરવાનો આરોપ મૂકવામાં આવ્યો હતો. આ વાતની જાણ હોવા છતાં બ્રિટિશ પીએમ બોરિસ જોન્સને તેમને પ્રમોશન આપ્યું હતું, જે બાદ તેમના નેતૃત્વ પર સવાલો ઉભા થયા હતા. સરકારને ભારે ફટકો પડ્યો. વિપક્ષ તો હુમલાખોર તો હતો જ, સાથે જ જોન્સનની પોતાની પાર્ટીના સાંસદો પણ સવાલો ઉઠાવી રહ્યા હતા. જોકે, પીએમ બોરિસ જોન્સને પાછળથી સ્પષ્ટતા કરી હતી કે ક્રિસ પિન્ચરનું પ્રમોશન ખોટો નિર્ણય હતો. આ મુદ્દો ત્યારે હેડલાઈન્સમાં હતો જ્યારે પીએમ જોન્સન પહેલેથી જ 'પાર્ટી ગેટ' એપિસોડથી ઘેરાયેલા હતા.



બ્રિટનના પીએમ બોરિસ જોન્સન ગયા મહિને વિશ્વાસ મત જીતવામાં સફળ થયા હતા. આવી સ્થિતિમાં, કન્ઝર્વેટિવ પાર્ટીના નિયમો અનુસાર, તેમની વિરુદ્ધ એક વર્ષ સુધી બીજો અવિશ્વાસ પ્રસ્તાવ લાવી શકાય નહીં. જો કે, પાર્ટીના ઘણા સાંસદો ઈચ્છતાં હતા કે આ સમયગાળો ઘટાડવામાં આવે અથવા નાબૂદ કરવામાં આવે. ઘણા સાંસદો બાકીના મંત્રીઓ પર પણ રાજીનામું આપવા દબાણ કરી રહ્યા હતા.. ઘણા મંત્રીઓ અને સાંસદો પીએમ બોરિસ જોન્સનના નેતૃત્વ પર સવાલ ઉઠાવી રહ્યા છે. તેનો મુખ્ય હેતુ પીએમ બોરિસ જોન્સનને રાજીનામું આપવા દબાણ હતું .બ્રિટનમાં બોરિસ જોનસનની સરકાર સામે સંકટના વાદળ છવાયા છે. છેલ્લા ૪૮ કલાકમાં કેબિનેટના ૫ મંત્રીઓ સહિત ૩૯ મંત્રીઓએ રાજીનામું આપી દીધું છે. આવી સ્થિતિમાં વડાપ્રધાન જોનસન પર પદ છોડવાનું દબાણ વધી ગયું છે. છેલ્લા મહીને જે બે મંત્રીઓ ઋષિ સુનક અને સાજિદ જાવિદે સરકાર બચાવવા મહત્વની ભૂમિકા ભજવી હતી તેઓ પણ હવે જોનસનનો સાથ છોડી ચૂક્યા હતો એક મહિનામાં બીજી વખત બોરિસ સરકાર જોખમમાં મુકાઇ હતી આરોગ્ય મંત્રી સાજિદ જાવિદ અને ભારતીય મૂળના નાણાંમંત્રી ઋષિ સુનકના રાજીનામા સાથે શરૂ થયેલી નાસભાગ બુધવારે પણ ચાલુ રહી હતી. અને નાણાકીય સેવામંત્રી જહોન ગ્લેન, રક્ષામંત્રી રિચેલ મેક્લિએન, નિકાસ અને સમાનતા મંત્રી માઈક ફીઅર, હાઉસિંગ અને કોમ્યુનિટીઝ જુનિયર મિનિસ્ટર નીલ ઓબ્રાયન, શિક્ષણ વિભાગના જુનિયરમંત્રી એલેક્સ બુર્ઘટ સહિત ૩૯ લોકોએ જોનસન પ્રત્યે અવિશ્વાસ વ્યક્ત કરીને રાજીનામા આપી દીધા હતાં

પાર્ટીગત મામલે છેલ્લા મહીને જ બોરિસ જોનસને વિશ્વાસ મત જીત્યો હતો. કન્ઝર્વેટિવ પાર્ટીના નિયમો પ્રમાણે ૧૨ મહીના સુધી તેમની સામે બીજો અવિશ્વાસ પ્રસ્તાવ નહીં લાવી શકાય. આ વચ્ચે હવે જોનસનની જ પાર્ટીના કેટલાક સાંસદો ઈચ્છે છે કે, ૧૨ મહીનાના આ ઈમ્યુનિટિ પિરિયડને ઘટાડવામાં આવે અથવા સમાપ્ત કરવામાં આવે. કેટલાક સાંસદો એવા છે જે કેબિનેટના બાકીના મંત્રીઓને અપીલ કરી રહ્યા છે કે, તેઓ પણ મંત્રીઓની જેમ રાજીનામુ આપી દે. આનો સીધો ઈરાદો બોરિસને રાજીનામું આપવા માટે મજબૂર કરવાનો છે. આવી સ્થિતિમાં જો બોરિસ જોનસન બહુમત ગુમાવે છે તો તેઓ રાજીનામું આપીને ફરીથી ચૂંટણી એલાન પણ કરી શકે છે.

જોનસોન પાસે હવે ત્રણ ઓપ્શન હતાં જેમાં ૧. જોનસન જ નિર્ણય કરશે કે, તેમણે રાજીનામું આપવું કે નહીં. અનેક મંત્રીઓએ તેમના પણ દબાણ વધાર્યું છે પરંતુ તેમણે હજું સુધી કોઈ નિર્ણય નથી કર્યો.,૨. કેટલાક વધુ મંત્રીઓએ રાજીનામું આપવું જોઈએ અને જોનસનને ખુરશી છોડવાની માંગ કરવી જોઈએ. અહેવાલ પ્રમાણે ટૂંક સમયમાં કેટલાક વધુ મંત્રીઓ કેબિનેટ છોડશે.૩. પાર્ટીના ૧૨ મહીનાન ઈમ્યુનિટિ વાળા નિયમને બદલવામાં આવે જેના વિશે અનેક મંત્રીઓએ સૂચન કર્યું છે.જો કે તેમણે રાજીનામું આપવાનો નિર્ણય કર્યો છે.

# બેરોજગારીથી તંગ આવી પતિ પત્નીએ નવ વર્ષની પુત્રીની સાથે આત્મહત્યા કરી

આગ્રા,તા.૭

આગ્રામાં બેરોજગારીને કારણે એક પરિવારે પોતાની જીવન લીલા સમાપ્ત કરી દીધી છે બેરોજગારીની વાત સુસાઇડ નોટમાં લખવામાં આવી છે.આવાસ વિકાસ સેકટર ૧૦માં રહેનાર સોનુ શર્માએ પત્ની ગીતા શર્મા અને પુત્રી સૃષ્ટિ શર્માની સાથે ગળે ફાંસો લગાવી આત્મહત્યા કરી લીધી છે.નાના પુત્રે પોતાની ફઇને કહ્યું હતું કે રૂમમાં બંધ લટકેલા છે ભય લાગી રહ્યો છે.

પોલીસને ઘટના સ્થળેથી સુસાઇડ નોટ મળી છે પરંતુ પોલીસે હજુ તેને જાહેર કરી નથી જો કે પોલીસ અધીક્ષક આગ્રાએ સુસાઇડ નોટની બાબતમાં માહિતી આપી છે હાલ પોલીસ મામલાની તપાસ કરી રહી છે અને સુસાઇડ નોટની હેંડ રાઈટીંગનું પરીક્ષણ મૃતક સોનુના હેંડ રાઇટીંગથી કરાવવામાં આવી રહ્યું છે.



મળતી માહિતચી અનુસાર ઇડબ્લ્યુએસના મકાન નં. ૧૦૪૬માં ૩૮ વર્ષનો સોનુ શર્મા પોતાની ૩૫ વક્ષની પત્નિ મિથલેશ,નવ વર્ષની પુત્રી સૃષ્ટી અને નવ વર્ષના પુત્ર સાથે ઘરના ઉપરના ભાગમાં રહેતા હતાં રાત્રે સમગ્ર પરિવાર એક જ રૂમમાં સુતા હતો સોનુનો પુત્ર શ્યામ સવારે લગભગ સાત વાગે નીચે આવ્યો અને રમવા લાગ્યો સોનુના પડોસમાં રહેનારી તેની ફઇએ લોટ લાવવા માટે કહ્યું સોનુ પોતાના ધરે લોટ લેવા ગયો અને પાછો ફર્યો અને કહ્યું કે તેમના પિતા માતા અને બહેન રૂમમાં લટકેલા છે મૃતક સોનુના જીજાજી વિજય કશ્યપ અને અન્ય લોકો ઘરમાં પહોંચ્યા અને જોયું તો ત્રણેય ફાસીના ફંદા પર લટકેલા હતાં આથી આ અંગેની જાણ પોલીસને કરવામાં આવી હતી.

આ મામલામાં એસએસપી પ્રભાકર ચૌધરીએ કહ્યું કે ઘટના સ્થળેથી એક ખુબ ભાવુક રીતે લખવામાં આવેલ પત્ર મળ્યો છે.મૃતક ગત કેટલાક દિવસોથી બેરોજગાર હતો ત્રણેય (પતિ પત્ની અને પુત્રી)એ પરસ્પર વાત કરી અને આ પગલું ઉઠાવ્યું મૃતક સોનુના પુત્રે કહ્યું કે હું સવારે નીચે રમી રહ્યો હતો ઉપર લોટ લેવા ગયો ત્યારે ત્રણેય લટકેલી હાલતમાં જોવા મળ્યા હતાં.

### બાળક સમજીને નિકમ્મા શબ્દનો પ્રયોગ કરૂ છું

# કોઇ પોતાની ભુલ કરે છે તો તેને ઠપકો આપવા માટે બોલુ છું : મુખ્યમંત્રી અશોક ગહલોત

જયપુર,તા.૭

રાજસ્થાનની રાજનીતિમાં કોંગ્રેસ જુથમાં મુખ્યમંત્રી અશોક ગહલોત અને સચિન પાયલોટની વચ્ચે ખેંચતાણ નવી વાત નથી હવે તેમની વચ્ચે એકવાર ફરી નિકમ્મા વાળુ નિવેદન ચર્ચામાં આવ્યું છે.નિકમ્મા વાળા નિવેદન પર મુખ્યમંત્રી ગહલોતની પ્રતિક્રિયા આવી છે.તેમણે કહ્યું કે તે બાળક સમજી નિકમ્મા બોલી દે છે કોઇ પોતાની ભુલ કરે છે તો તેને ઠપકો આપવા બોલે છે.

તાજેતરમાં નિકમ્માવાળા નિવેદન પર સચિન પાટલોટે પ્રહારો કર્યા તો મુખ્યમંત્રી અશોક ગહલોતે પલટવાર કર્યું ગહલોતે નામ તો ભાજપના કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતનું લીધુ પરંતુ નિશાન પર સચિન પાટલોટ જ હતાં સચિન પાયલોટે નિકમ્માવાળા નિવેદન પર ગહલોતને કહ્યું હતું કે બાળક સમજીને બોલી દે છે કોઇ પોતાની ભુલ કરે છે તો ઠપકો આપવા માટે બોલે છે ખરાબ લાગી જાય છે.

એ યાદ રહે કે સચિન પાટલોટે ગહલોતના નિકમ્માવાળા નિવેદન પર રહ્યું હતુ કે ગહલોત વૃધ્ધ છે પિતા તુલ્ય છે આથી તેમની વાતો ખરાબ લાગતી નથી પાયલોટે ગહલોતને વૃધ્ધ કહ્યાં તો ગહલોતે આજે પાયલોટને બાળક કહ્યા હતાં.

હકીકતમાં મુખ્યમંત્રી અશોક ગહલોતે પૂર્વી નહેરને લઇ જયપુરના બિડલા સભાગારમાં મોટી બેઠક બોલાવી હતી જેમાં મુખ્યમંત્રી ગહલોતે વડાપ્રધાન નરેન્દ્ર મોદી પર ચુંટણીમાં પૂર્વી નહેર લાવવાને લઇ ખોટું બોલવાનો આરોપ લગાવ્યો અને કેન્દ્રીય જળ શક્તિ મંત્રી ગજેન્દ્ર સિંહથી રાજીનામાની માંગ કરી હતી આ બેઠકમાં કોંગ્રેસના

## વર્ષ ૨૦૨૦માં જયારે ગહલોતની ખુરશી પર સંકટ આવ્યું હતું ત્યારે પણ તેમણે સચિન પાયલોટ માટે આવી જ ભાષાનો ઉપયોગ કર્યો હતો : કેન્દ્રીય મંત્રી

મંત્રી,ધારાસભ્ય અને નેતા હાજર હતાં પરંતુ સચિન પાયલોટ બેઠકમાં આવ્યા ન હતાં.

એ યાદ રહે કે તાજેતરમાં ગહલોતે કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવતને નિકમ્મા બોલી દીધા હતાં ખુદને નિકમ્મા બતાવવા પર શેખાવતે ગહલોત પર પ્રહારો કર્યા હતાં તેમણે કહ્યું કે રાજસ્થાનના મુખ્યમંત્રી હાલના દિવસોમાં જે ભાષાનો પ્રયોગ કરી રહ્યાં છે આ કોઇ રાજયના વડાની હોઇ શકે નહીં તે ભારે માનસિક દબાણમાં છે કારણ કે એકવાર ફરી તેમને ખુરશી જવાનો ભય સતાવી રહ્યો છે.

શેખાવતે કહ્યું કે વર્ષ ૨૦૨૦માં જયારે ગહલોતની ખુરશી પર સંકટ આવ્યું હતું ત્યારે પણ તેમણે સચિન પાયલોટ માટે આવી જ ભાષાનો ઉપયોગ કર્યો હતો અને નકારા,નિકમ્મા જેવા શબ્દ કહ્યાં હતાં તાજેતરમાં જયારે રાહુલ ગાંધીએ સચિન પાયલોટની પ્રશંસા કરી તો ગહલોત સાહેબને ફરી ખુરશી પર સંકટ નજરે પડવા લાગ્યું તે દિવસથી જ તેઓ બેચેન છે.

શેખાવતે કહ્યું કે પહેલા મુખ્યમંત્રી અશોક ગહલોતે સચિન પાયલોટ પર મારી સાથે મળી સરકાર તોડી પાડવાનું કાવતરૂ રચવાનો આરોપ લગાવ્યો હતો જયારે તેનાથી મન ભરાયું તો મારા માટે પણ તેમણે આજ શબ્દોનો પ્રયોગ કરવાનું શરૂ કર્યું એ યાદ રહે કે કેન્દ્રીય મંત્રી અને મુખ્યમંત્રી ગહલોત વચ્ચે ઈસ્ટર્ન રાજસ્થાન કેનાલ પ્રોજેકટ (ઇઆરસીપી)ને લઇ તનાતની ચાલી રહી છે રાજયના મુખ્ય સચિવને ઇઆરસીપીનું કામ રોકવા માટે પત્ર મોકલ્યા બાદ મુખ્યમંત્રી ગહલોત અને કેન્દ્રીય મંત્રી ગજેન્દ્ર સિંહ શેખાવત આમને સામે આવી ગયા છે.

# ગૌતમ અદાણી ફરી એકવાર મુકેશ અંબાણીને પછાડીને એશિયાના સૌથી ધનિક વ્યક્તિ બની ગયા

મુંબઇ,તા.૭

અદાણી ગ્રૂપના વડા ગૌતમ અદાણી ફરી એકવાર રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન મુકેશ અંબાણીને પછાડીને એશિયાના સૌથી ધનિક વ્યક્તિ બની ગયા છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, અદાણી વિશ્વના અમીરોની યાદીમાં છઠ્ઠા સ્થાને પહોંચી ગઈ છે અને તેની કુલ સંપત્તિ ઈ૧૦૦ બિલિયન છે.

બીજી તરફ, લાંબા સમયથી એશિયાના સૌથી અમીર વ્યક્તિ રહેલા મુકેશ અંબાણીની સંપત્તિમાં ભૂતકાળમાં ઘટાડો થયો છે, જેનું મુખ્ય કારણ રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝના શેરમાં ઘટાડો છે. બ્લૂમબર્ગ બિલિયોનેર્સ ઈન્ડેક્સ અનુસાર, અંબાણીની કુલ સંપત્તિ હાલમાં લગભગ ઈ૮૬.૩ બિલિયન છે અને તેઓ વિશ્વના અમીરોની યાદીમાં ૧૧મું સ્થાન ધરાવે છે.

ભારતના બે ટોચના ઉદ્યોગપતિઓ વચ્ચે સંપત્તિ માટેની રેસ આ વર્ષે ફેબ્રુઆરીમાં શરૂ થઈ હતી, જ્યારે અદાણી પ્રથમ વખત અંબાણીને પાછળ છોડીને ભારતના સૌથી ધનિક વ્યક્તિ બન્યા હતા. ત્યારથી, બંને વચ્ચે સંપત્તિની રેસ ચાલુ છે, ક્યારેક અંબાણી અને અદાણી આ રેસમાં એકબીજાને પાછળ છોડતા જોવા મળે છે.જો દુનિયાના અમીરોની યાદીની વાત કરીએ તો અદાણીની સામે માત્ર પાંચ બિઝનેસમેન જ દેખાય છે, જેમાં વિશ્વના સૌથી અમીર બિઝનેસમેન એલોન મસ્ક પ્રથમ ક્રમે છે, તેમની સંપત્તિ ૨૧૪ બિલિયન ડોલર છે. બીજા નંબર પર એમેઝોનના સીઈઓ જેફ બેઝોસનું નામ આવે છે, તેમની સંપત્તિ ૧૩૮ અબજ ડોલર છે. ત્રીજા નંબરે બર્નાર્ડ આર્નોલ્ટ છે, જે લક્ઝરી ગુડ્સ ઉત્પાદક એલએમવીએચના માલિક છે, જેની કુલ સંપત્તિ ઈ૧૧૫ બિલિયન છે.આ વર્ષે અદાણીની નેટવર્થમાં ૨૩ બિલિયનનો વધારો થયો છે, જે વિશ્વમાં સૌથી વધુ છે.

# મહારાષ્ટ્રમાં ફરી આવી શકે છે રાજકીય ભૂકંપ, ધારાસભ્યો બાદ હવે સાંસદોનો વારો!

મુંબઇ,તા.૭

શિવસેનાના એક સાંસદ દ્વારા પાર્ટી અધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેને રાષ્ટ્રપતિ પદ માટે એનડીએ ઉમેદવાર દ્રૌપદી મુર્મૂને સમર્થનની જાહેરાતનો આગ્રહ કરાયા બાદ પાર્ટીના એક બળવાખોર ધારાસભ્યે દાવો કર્યો છે કે ૧૮ સાંસદોમાંથી ૧૨ જલદી એકનાથ શિંદે જૂથમાં સામેલ થઈ જશે. જળગાંવ જિલ્લામાં પોતાના મતવિસ્તારમાં પત્રાકારો સાથે વાતચીત કરતા ધારાસભ્ય ગુલાબરાવ પાટિલે કહ્યું કે શિંદે જૂથ પાર્ટીનું ગૌરવ પાછું લાવશે. પાટિલ ઉદ્ધવ સરકારમાં મંત્રી રહી ચૂક્યા છે. તેમણે કહ્યું કે અમારી પાસે ૫૫માંથી ૪૦ ધારાસભ્યો છે અને ૧૮માંથી ૧૨ સાંસદો અમારી પાસે આવી રહ્યા છે. તો પછી પાર્ટી કોની થઈ? મે ચાર સાંસદો સાથે વ્યક્તિગત રીતે મુલાકાત કરી છે. અમારી સાથે ૨૨ પૂર્વ ધારાસભ્ય પણ છે. શિવસેનાના લોકસભા સભ્ય રાહુલ શેવાલેએ મંગળવારે ઉદ્ધવ ઠાકરેને આગ્રહ કર્યો કે તેઓ પાર્ટીના સાંસદોને રાષ્ટ્રપતિ પદના એનડીએ ઉમેદવાર દ્રૌપદી મુર્મૂનું સમર્થન કરવા માટે કહે. કારણ કે મુર્મૂ આદિવાસી છે અને સમાજમાં તેમનું મહત્વનું યોગદાન છે. ઉદ્ધવ ઠાકરે જૂથ અને એકનાથ શિંદે જૂથના વિશ્વાસુઓએ પોત પોતાના સમૂહને અસલ શિવસેના હોવાનો દાવો કર્યો છે.

# ઉદ્ધવ ઠાકરેને ફરી મોટો ઝટકો, શિંદે જૂથે થાણે મ્યુનિસિપલ કોર્પોરેશન પર કબજો કર્યો

મુંબઇ,તા.૭

મહારાષ્ટ્રના મુખ્યમંત્રી એકનાથ શિંદે ઉદ્ધવ ઠાકરેને એક પછી એક ઝટકો આપી રહ્યા છે. તમને જણાવી દઈએ કે વિધાનસભા બાદ મહાનગરપાલિકામાં પણ ઉદ્ધવ ઠાકરેને મોટો ઝટકો લાગ્યો છે. થાણે મ્યુનિસિપલ કોર્પોરેશનમાં શિવસેનાના ૬૭માંથી ૬૬ કોર્પોરેટરોએ શિંદે જૂથ સાથે હાથ મિલાવ્યા છે. મળતી માહિતી મુજબ, આ તમામ ૬૬ કોર્પોરેટરો બુધવારે શિંદેને મળ્યા હતા.

કેટલાક દિવસો સુધી ચાલેલી રાજકીય કટોકટી બાદ શિવસેના પ્રમુખ ઉદ્ધવ ઠાકરેને સત્તા ગુમાવવી પડી હતી. તેમની જગ્યાએ એકનાથ શિંદે મહારાષ્ટ્રના નવા સીએમ બન્યા. ઉદ્ધવ ઠાકરે પર હવે તેમના પક્ષને બચાવવા માટે ઘણું દબાણ છે, કારણ કે શિંદે જૂથ સતત પક્ષ પર તેની પકડ મજબૂત કરી રહ્યું છે.

આ સાથે જ સાંસદોને શિંદે જૂથમાં સામેલ થવાથી રોકવા માટે સાવધ બની ગયા છે. ઉદ્ધવ ઠાકરેની આગેવાની હેઠળની શિવસેનાએ બુધવારે સાંસદ ભાવના ગવલીની જગ્યાએ રાજન વિચારેને લોકસભામાં પક્ષના મુખ્ય દંડક તરીકે નિયુક્ત કર્યા. શિવસેના સંસદીય દળના નેતા સંજય રાઉતે આ માહિતી આપી છે. સાથે જ સંજય રાઉતે કહ્યું છે કે પૂર્વ કેન્દ્રીય મંત્રી આનંદ રાવ અડસુલે પણ શિવસેનામાંથી રાજીનામું આપી દીધું છે. તે હવે એકનાથ શિંદે જૂથમાં જોડાઈ શકે છે.આનંદ રાવ અડસુલના પાર્ટીમાંથી રાજીનામું આપવા પર સંજય રાઉતે કહ્યું કે, મને ખબર પડી છે કે તેમની વિરુદ્ધ ઈડી તપાસ ચાલી રહી છે. ગત વર્ષે તેમના નિવાસસ્થાને પણ ઈઢ દ્વારા દરોડા પાડવામાં આવ્યા હતા. આ કારણે તેમના પર શિવસેનામાંથી રાજીનામું આપવાનું દબાણ થઈ શકે છે.

# તંત્રી સ્થાનેથી...

## પોલીસનો પકડદાવ

ઉત્તર પ્રદેશના ગાઝિયાબાદ અને નોઈડા વચ્ચે જેવું નાટક ખેલાયું, તે પોલીસના રાજકીય ઉપયોગને દર્શાવે છે. રાહુલ ગાંધી વિશે ખોટો વીડિયો ચલાવવાના આરોપ લઈને છત્તીસગઢની પોલીસ ઝી ન્યૂઝના એંકર રોહિત રંજનના ઘરે પહોંચી ગઈ. બાદમાં ખબર પડી કે ત્યાં ગાઝિયાબાદની પોલીસ પણ પહોંચી છે અને બંને પોલીસ દળોમાં ટક્કર થઈ ગઈ. થોડી વારમાં ત્યાં નોઈડા પોલીસ પણ પહોંચી અને રોહિત રંજનની અટકાયત કરીને લઈ ગઈ. નોઈડા પોલીસે પણ રંજનને એ જ કેસમાં ધરપકડ કરી છે, જે કેસમાં ધરપકડ કરવા છત્તીસગઢ પોલીસ આવી હતી. જે મામલે આ ફરિયાદ થઈ છે તે ગંભીર છે. તેમાં રાહુલ ગાંધીનો એક વીડિયો ખોટા સંદર્ભમાં ઉપયોગ કરવામાં આવ્યો. જોકે, તેના માટે ચેનલે માફી પણ માંગી લીધી છે. છતાં શું આવી કાનૂની કાર્યવાહી થવી જોઈએ? શું આ એવો મામલો છે, જેમાં એંકરની સીધી ધરપકડ કરી લેવાય, તે પણ તપાસ કર્યા વિના જ કે ભૂલ કયા સ્તરે કોની હતી? સુપ્રીમ કોર્ટ કહી ચૂકી છે કે જામીન કોઈપણ નાગરિકનો અધિકાર છે અને ધરપકડ અપવાદ સ્વરૂપ જ હોવી જોઈએ. પરંતુ આપણી પોલીસ કોઈપણ મામલાને અપવાદ બનાવી દેવામાં મહારથ હાંસલ કરી ચૂકી છે. એવા પત્રકાર અને ન્યૂઝ એંકરો નિશાના પર આવી ચૂક્યા છે, જેમના ફરાર થવાની વાત વિચારી પણ ન શકાય.

ધરપકડ કાનૂની પ્રક્રિયાનો હિસ્સો છે, જેને કોઈ ખાસ સ્થિતિઓમાં જ અજમાવવી જોઈએ, પરંતુ હવે તેનો ઉપયોગ પાઠ ભણાવવા માટે થવા લાગ્યો છે. આવી ધરપકડો રાજનીતિથી પ્રેરિત હોય છે. પોલીસનો ઉપયોગ હવે અપરાધ નિયંત્રણને બદલે રાજકીય સ્વાર્થ સાધવા માટે થવા લાગ્યો છે, જેના માટે રાજ્યોની પોલીસ હવે દેશભરમાં ગમે ત્યાં ધરપકડ કરવા પહોંચી જાય છે. તેના માટે નિયમ-કાયદા અને પરંપરાને કિનારે કરી દેવાય છે.

## આખી કેરી ક્યારે ખાવા મળશે?

એનું નામ નમિતા.એનું ખ્વાબ સાંભળો તો ફૂંસ દઈને હસી જ પડો. ખરતા તારાને જોઈને વિશ કરે એ સાંભળો તમને આ છોકરી ક્રેક જ લાગે !

ચાલો એના ખ્વાબ કે વિશ વિશે પછીથી વાત કરીએ .

એના પપ્પા કેન્દ સરકારની કચેરીમાં કારકુન.૧૯૭૫ ની સાલમાં પગાર પણ કેવો? સવારની ઝાંકળ કે ઔંસબિંદુ જેવો. મોંઘવારીનો સૂરજ તપે એટલે હાથમાં ઝાંકળની ભીનાશનો ભ્રમયુકત અહેસાસ જ હોય!! બાકી આંખો દિવસ મોંઘવારીની લપેટો દઝાડતી હોય!!

નમિતાને કોઈ ભાઈ નહીં. બે બહેનો નમિતા સૌથી નાની. એના પપ્પા રજનીભાઈ. દીકરીને દીકરા સમકક્ષ માને. દીકરીઓને એ રીતે ઉછેરે. રજનીભાઇના સાળા અને સાળાવેલીઓ ગમાર ટાઈપના. ટુકી બુધ્ધિના. એ લોકો રજનીભાઈને ટોકે. રજનીલાલ ચીંથરા ઉડી જશે!! આ વનેચરીઓને માથે ચડાવી છે એક દિવસ તમારા પર છાણા થાપશે અને વરાવતા નાકે દમ આવશે.!!રજનીભાઈ એટલું જ કહે કે સમય આવ્યે ખબર પડશે કોના છોતરા ઉડી જશે અને છાપરાં ઉખડી જશે. દીકરી તો સાક્ષાત્ લક્ષ્મી સ્વરૂપ છે. એને દુભાવી કે દુખાવીને મારે રૌરવ નર્કમાં નથી જવું. એનું નસીબ લખાવીને આવી છે!!

ઘરની સ્થિતિ સારી પણ નહીંને ખરાબ પણ નહીં. ડગલે ને પગલે ચીજ, સગવડ,સૌંદ્રય પ્રસાધનો,વસ્ત્રો,આભૂષણો બાબતે સમાધાન હી સમાધાન કરવું પડે. કપડા તો મોટામાં વચેટ અને વચેટના નાની એમ ક્રમશઃ વપરાય. ભણવાના પુસ્તકોમાં પણ આ વ્યવસ્થાને ફોલો કરવાની. એક વાર તો ગજબ થઈ ગયો!

નમિતાથી મોટી એટલે કે રમીલા ધોરણ ૭ માં ભણે. વર્ગ શિક્ષકે દરેક છોકરાને મોટા થઇ શું બનવા ઈચ્છા છો એમ પૂછયું. વર્ગમાંથી સાત આઠ ડોકટર., પાઈલોટ, અવકાશયાત્રી, આઈએએસ ધડાધડ નીકળવા લાગ્યા. રમીલાનો વારો આવ્યો. રમીલાએ કહ્યુ કે એસએસસી થઇ કારકુન થવું છે!!વર્ગમાં રીતસર સોંપો પડી ગયેલો. નસીબ સારા કે તાસ પૂરો થવાનો ઘંટ વાગ્યોને બધા સંમોહનની અસરથી મુક્ત થયા!!

રજનીભાઈ ખાવાપીવાના શોખીન વરસે એકાદ વાર સપરિવાર હોટલ કે રેસ્ટોરન્ટમાં જમવા જાય! ઘરે વારાફરતી બધા વ્યંજનો બને. નમિતા કેરીની દિવાની. મીરા જેમ શ્યામની દિવાની એ હદે કેરીની દિવાની . રજનીભાઇ કચેરીથી ઘરે જતી વખતે એકાદ કેરી લેતા જાય! કેરી છાબડીમાં મુકે. નમિતા ટીકટીકી લગાવીને ત્રાટક કરતી હોય તેમ અનિમેષ નજરે પાંપણ ફરકાવ્યા વિના નિહાળ્યા કરે. માનો કે લવ એંટ ફર્સ્ટ સાઈટ !! કોઈ જોતું ન હોય તો કેરીનો સ્પર્શ પણ કરી આવે. રાતનું જમણ- વાળુપાણી પતે એટલે રજનીભાઇ ડીશ મંગાવે- છરી મંગાવે . છોકરીઓ મદારીનો ખેલ જોવા જેમ ભીડ જામે તેમ ગોઠવાઈ જાય. કોઈ પાસે ડીશ, કોઈ પાસે તાંસળું કોઈ પાસ વાડકી હોય . રજનીભાઈ પ્રેમ વત્સલ મીઠી નજરથી જીગરના ટુકડાને જોતા જાય. ચરકલડીઓ મોટી થઈને તેમના માળામાં જવા ઉડી જશે એ ખ્યાલે પલપલિયા તગતગે. કેરીનું ડીંટિયું એને પાછળની નાનો ભાગ ડીચકાવે. પછી કેરીને સરખા ભાગે સમારે. બે ચીરી નમિતાને મળે એક એક ચીરી વચેટ ને મોટાને મળે!! એક ચીરી વધે તે છોકરીઓની માને મળે. રજનીભાઈને ભાગે તો બહુધા ગોટલું જ આવે. પણ એમને સંતોષ . કોઈ ફરિયાદ નહીં!!

નમિતાને સપનામાં કેરી આવે. તે પણ સુવાંગ આખી. કેરી અક્ષત સ્વરૂપે અધખુલ્લા મોએ ઉદરમાં પહોંચે.!! ચહેરા પર તેનો પરિતોષ છલકાય!!

નમિતાની વિશ કહો કે ડ્રીમ કહો કે મને ક્યારે આખી સુવાંગ કેરી ઝાપટવા કે ઠુંસવા મળશે!! કાશ એ સોનેરી દિવસ જીવનમાં આવે!!!એ કેરીમય સ્વપ્નલોકમાં વિહરતી ,જયાં થોકબંધ કેરીનું પ્રાસન કરે!!

આજે નમિતા પચાસ પંચાવને પહોંચી છે. દોમદોમ સાહયબી છે. કેરીના કરંડિયા,ખોખા આવે છે .કેસર કેરી, આલ્ફાન્જો, આફૂસ, લંગડો, દેવગઢ બારિયાની આલા દરજ્જાની કેરી આવે છે.નમિતા બે પેટ કરીને કેરી ઝાપટે છે, કેટલીક વાર કરંડિયા/ખોખા ખોલ્યા વિના ડ્રાઈવર, સ્વીપર, હાઉસ મેડને આપી દે છે. પણપપેલી કેરીની ચીરીમાં જે અમૃત કે સુધીનો અનુભવ થતો એ અનુભવ થતો નથી!! કારણ શું હશે તે તો રામ જાણે માણસ ભૂતકાળની યાદો/ સ્મૃતિંઓને ફ્રીઝ કરી નાસ્ટોલોજિયામાં રાચતો હોય છે. ગામ કે વતન છોડતી વખતે ગામમા પાદરનો પીપળો, તળાવમાં મારેલા ભૂસકા, ચોરીને ખાધેલા બોર, જામફળ, કેરી, કોઈને આપેલ- લીધેલ સ્ટોલન કિસસ વગેરેનો મનના ભંડકીયામાં સંઘરી રાખે છે, પરિવર્તનનો પ્રકાશ પ્રવેશવા ન દે. લાંબા અરસા બાદ વતન જાય અને થયેલા આમૂલાગ્ર પરિવર્તન સ્વીકારી શકતો નથી અને ભૂતકાળની સંદૂકમાં સંઘરેલી બટાઈ ગયેલી સ્મરણને છોડી શકતા નથી !!!!

ભરત વૈષ્ણવ

# ગુરૂ વચનામૃત...

**પરબ્રહ્મ પરમાત્માનું જ્ઞાન પ્રદાન કરનાર વિભૂતિને સદગુરૂ કહેવામાં આવે છે.**

આ દ્રશ્યમાન જગતને બનાવનાર,ચલાવનાર અને વિનાશ કરનાર બ્રહ્મ નિરાકાર છે.એક પ્રભુ પરમાત્મા જ એકમાંથી અનેક બનીને સમગ્ર સૃષ્ટિને ચલાવી રહ્યા છે.પરબ્રહ્મ પરમાત્મા નિરાકાર અને જાણવા યોગ્ય છે.બ્રહ્મવેત્તાની કૃપાથી તેને માનવ શરીરમાં રહીને જાણી શકાય છે કેમકે બ્રહ્માનુભૂતિ જ મનુષ્ય યોનિની સાર્થકતા છે.પરબહ્મનું જ્ઞાન પ્રદાન કરનાર વિભૂતિને સદગુરૂ કહેવામાં આવે છે.

પરમાત્માની જાણકારી ક્ષોત્રિય બ્રહ્મનિષ્ઠ બ્રહ્મવેત્તા મહાત્માની કૃપાથી જ સંભવ છે કે સ્વંયમ્ જે પરમાત્માને જાણતા હોય,શરીરધારી સદગુરૂની કૃપા વિના બ્રહ્માનુભૂતિ સંભવ નથી.સંત નિરંકારી મિશન પ્રાચીન ગુરૂઓ,પીરો,પૈગમ્બરો,અવતારી પુરૂષોની શિક્ષાઓને પ્રેરણા સ્રોત માને છે પરંતુ જ્ઞાન પ્રદાતા ફક્ત પ્રવર્તમાન સદગુરૂનો જ સ્વીકાર કરે છે.સદગુરૂ વસ્તુતઃ નિર્ગુણ બ્રહ્મની જ સગુણ સત્તા છે,જે એક શરીરના માધ્યમથી કાર્ય કરે છે.આદિકાળથી સદગુરૂ આ ધરતી ઉપર અવતરીત થાય છે અને બ્રહ્મજ્ઞાનના માધ્યમથી માનવમાત્રનો ઉધ્ધાર કરે છે.સદગુરૂના માધ્યમથી




પરમાત્માનું જ્ઞાન પ્રાપ્ત કર્યા બાદ જ ભક્તિની શરૂઆત થાય છે.બ્રહ્મજ્ઞાન ભક્તિનું સાધ્ય નહી પરંતુ સાધન છે.ભગવાનને જાણ્યા પછી જ આપણામાં દૈવી ગુણોનો પ્રવેશ થાય છે. પ્રાણીમાત્રમાં સર્વવ્યાપી પરમાત્માનો અનુભવ કર્યા પછી જ દ્રેતની ભાવના દૂર થાય છે,પોતાપણાનો ભાવ જાગે છે,પ્રેમ ઉત્પન્ન થાય છે,તમામની સેવા કરવાની પ્રેરણા મળે છે.સર્વ શક્તિમાન પરમાત્માને અંગસંગ જાણ્યા બાદ જ અહમભાવ દૂર થાય છે,દાસ ભાવનાનો જન્મ થાય છે,નમ્રતા જીવનનું અંગ બને છે.કર્તાની જાણકારી પછી જ સંતુષ્ટિનો ભાવ આવે છે.

સદગુરૂ કૃપાથી બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત થયા પછી જ્યારે કણ કણમાં એટલે કે સાકાર જગતમાં પ્રભુ દર્શન થવા લાગે છે ત્યારે તે વિજ્ઞાન કહેવાય છે અને ત્યારબાદ ભક્ત પ્રાર્થના કરે છે કે હે ! નિરાકાર વિશ્વરૂપ પ્રભુ ! કણ કણમાં તારી સૂરત,પાન પાન ઉપર તારૂં નામ અને વિશ્વમાં ચારો તરફ ઉપર નીચે સર્વત્ર તમારી જ આકૃતિઓ જોઇ રહ્યો છું.ચંદનમાં સુગંધ,ગંગામાં નિર્મળતા,સૂરજમાં તેજ અને ચંદ્રમામાં શિતળતા તું જ છે, તું જ ફુલોમાં સૌંદર્ય છે,કળીઓમાં કોમળતા છે,બુધ્ધિમાનોની બુધ્ધિ છે તથા વિશ્વની તમામ કલા કૌશલતામાં તું વિરાજમાન છે,તું જ બ્રહ્મરૂપ ગુરૂના રૂપમાં મુજ શિષ્યને જ્ઞાન, ભાષા અને સંતત્વ પ્રદાન કરે છે.જ્ઞાનને જ્યાં સુધી આચરણમાં લાવવામાં ના આવે ત્યાં સુધી જીવનમાં કોઇ લાભ થતો નથી. જીજ્ઞાસુઓમાં શ્રધ્ધા,વિશ્વાસ અને અહંકાર શૂન્યતા અવશ્ય હોવી જોઇએ.બ્રહ્મજ્ઞાનના માટે ગુરૂકૃપા અને શિષ્યની વૈરાગ્ય ભાવના બંન્ને અનિવાર્ય છે.સત્કાર વિના સંતકૃપા મળતી નથી,સંતકૃપા વિના સદગુરૂની પ્રાપ્તિ થતી નથી, સદગુરૂમાં શ્રધ્ધા અને વિશ્વાસ વિના જ્ઞાન પ્રાપ્ત થતું નથી,જ્ઞાન વિના મન સ્થિર થતું નથી અને સદગુરૂના વચનોનું દ્રઢતાથી પાલન કર્યા વિના મનમાં તત્વજ્ઞાન ટકતું નથી.

આ પરમાત્માનું ઘર એવું વિચિત્ર છે કે વાણી તેનું વર્ણન કરી શકતી નથી.આ પ્રભુની અંદર અબજો પ્રકારના અવાજો થઇ રહ્યા છે,કરોડો પ્રકારના વાજાં વાગી રહ્યાં છે.અસંખ્ય રાગ અને તાન નિકળી રહ્યા છે.સિધ્ધ,શેખ,પંડિત અને સંતો અહીયાં પ્રભુનાં યશગાન કરે છે અને યોગીઓ અહીયાં સમાધિસ્થ થાય છે. આ પરમાત્માનું રહસ્ય તેને જ મળે છે જેને સૌભાગ્યવશ સદગુરૂની કૃપા પ્રાપ્ત થાય છે.એક જ ચેતન તત્વ પરમાત્માના સંકલ્પમાત્રથી આ બ્રહ્માંડમાં જ તમામ દેવ,ભૂત સમુદાય,કમળના આસન પર બ્રહ્મા,શંકર અને ઋષિઓ વિરાજમાન છે.અનેક ઈશ્વરવાદીઓને એક જ પરમાત્મા બ્રહ્મા,વિષ્ણુ,મહેશ તથા કાળ કર્મ ચંદ્રમા અને સૂર્યના ભેદથી અલગ અલગ ભાસે છે પરંતુ પરમાત્મા વાસ્તવમાં એક અદ્વિતિય બ્રહ્મ છે.જેમ પૂતળીવાળો પડદામાં રહીને તમામ પૂતળીઓને નચાવે છે તેવી રીતે એક રામ જ સમગ્ર સૃષ્ટ્રિને નચાવી રહ્યા છે.આ નાચવવાવાળાઓમાં ત્રિદેવ પણ સામેલ છે.

સમયના સદગુરૂ સમગ્ર બ્રહ્માંડના માલિક હોય છે. તે પોતાના સંકલ્પમાત્રથી જે ઈચ્છે તે કરી શકતા હોય છે.તેમની કૃપામાત્રથી કઠોર વ્યક્તિ પણ સંત બનીને ભવસાગર પાર ઉતરી જાય છે એટલે કે મુક્તાવસ્થાને પ્રાપ્ત થાય છે.શ્રધ્ધાળુઓની આંખો આગળથી માયાનો પડદો હટાવીને તુરંત જ દિવ્યજ્ઞાન બ્રહ્માનુભાવ પ્રદાન કરે છે.તે એવી દવા આપે છે કે જેનાથી તમામ દૈહિક દૈવિક અને ભૌતિક તાપ રોગ દૂર થાય છે.જો સદગુરૂ સાચા અને પૂર્ણ હોય તો દિવ્યનેત્ર પ્રદાન કરીને પરમાત્માની તુરંત જ અપરોક્ષાનુભૂતિ કરાવી દે છે.

બ્રહ્મનિષ્ઠ બ્રહ્મશ્રુત પૂર્ણ સદગુરૂ બ્રહ્મજ્ઞાન પ્રદાન કરીને પાપીઓનો ઉધ્ધાર કરીને મુક્ત કરે છે.જે ઢોંગી ગુરૂ હરિ મિલન માટે જિજ્ઞાસુઓને જપ-તપ-મંત્ર..વગેરે બતાવે છે પરંતુ અંગ સંગ પ્રભુ પરમાત્માની ઓળખાણ ના કરાવે તો સમજવું જોઇએ કે તે પૂર્ણ સંત નથી.પૂર્ણ સદગુરૂ તો એ છે કે જે બ્રહ્મનાં સાક્ષાત દર્શન-અપરોક્ષાનુભૂતિ કરાવી દે. પાપી પણ બ્રહ્મજ્ઞાનથી પવિત્ર થઇ જાય છે કારણ કે બ્રહ્મજ્ઞાનથી અધિક પવિત્ર કરનાર પતિત પાવન વસ્તુ સંસારમાં બીજું કાંઇ નથી.

સદગુરૂ પરમાત્માના પવિત્ર અને કોમળ ચરણોનો પ્રેમ જો તમારા હૃદયમાં રહેશે તો અનેક જન્મોના પાપ અને સંસ્કાર નષ્ટ થઇને આપણે પોતાના વાસ્તવિક ઘર(હરી)માં નિવાસ કરી શકીશું માટે હરિની ઓળખાણ કરી લઇએ અને અન્યને પણ તેની પ્રેરણા આપીએ કેમકે હરિનામ ધન જ સાચી સંપત્તિ છે.

સદગુરૂને સમર્પિત ભાવે પ્રેમ કરવો તેમની બ્રહ્મભાવે પૂજા કરવી એ જ્ઞાન અને ભક્તિના માટે આવશ્યક છે.પરમાત્મા પ્રત્યે જેવો ભાવ અને શ્રધ્ધા દિલમાં હોય છે તેવો જ ભાવ સદગુરૂ પ્રત્યે સાકાર બ્રહ્મ જાણીને કરવામાં આવે તે જ્ઞાન જ દ્રઢ થાય છે.

માનવ શરીર મળ્યા છતાં પણ પ્રભુ દર્શન ન કરવા..જીભથી હરિના ગુણગાન ન કરવા..અહંકારનો ત્યાગ ન કરવો..સંતોના ચરણમાં નમસ્કાર ન કરવા અને સંતોના માધ્યમથી સદગુરૂ સુધી પહોચી શ્રધ્ધા વિનમ્રતાપૂર્વક આત્મજ્ઞાનના માટે પ્રશ્ન ન કરવો..દશમું દ્વારા(નિરાકાર બ્રહ્મ) નું જ્ઞાન પ્રાપ્ત ન કરવું અને તેને પ્રાપ્ત કરીને પોતાના મનથી તેનું ચિન્તન ન કરવું તથા બ્રહ્મભાવથી ગુરૂનું ધ્યાન ન કરવું...એ સંસારના સૌથી મોટા પાપ છે અને સૌથી મોટું પુણ્ય એ છે કે માનવ પોતે બ્રહ્મજ્ઞાન પ્રાપ્ત કરીને અન્ય જીવોનું પણ કલ્યાણ કરે.બ્રહ્મજ્ઞાનનું દાન આપનાર વ્યક્તિ સૌથી મોટી દાની છે.જીવનું મુક્તિમાર્ગનું મોટામાં મોટું વિઘ્ન અહંકાર છે.જે વિશાળ પ્રભુનાં દર્શન કરીને દૂર થાય છે.આપણા અહંકારનું કારણ જીવભાવ છે જે પ્રભુદર્શનથી દૂર થાય છે.જીવભાવ દૂર થતાં જ તમામ દુઃખ દુર થાય છે.(નિરંકારી સદગુરૂ માતા સુદીક્ષાજી મહારાજના પ્રવચનમાંથી સાભાર)

વિનોદભાઇ માછી નિરંકારી

૯૭૨૬૧૬૬૦૭૫(મો)

# "મિત્ર"

## પ્રવિણા કડકિઆ

મિત્ર માટે ઘણી વાતો સાંભળી, ઘણી વ્યાખ્યા વાંચી. આજે તેને નવી નજરથી નિહાળીએ.

' જે અત્ર, તત્ર, સર્વત્ર વર્તાય તે મિત્ર'

તમને થશે આમાં અતિશયિક્તિ છે. મારા મંતવ્ય પ્રમાણે તે યથાર્થ છે. આજે જ્યારે મિત્ર વિષે લખવાનો વિચાર સ્ફૂર્યો ત્યારે મનમાં આંધી ઉઠી. કયા મિત્ર વિષે લખું. મારા ભારતના શાળાના મિત્રો, કોલેજકાળ દરમ્યાનના મિત્રો કે પછી આજકાલ જેમની સાથે મારો સુંદર સમય વ્યતિત થાય છે તે મિત્ર. મિત્ર માટે એક સનાતન સત્ય તારવ્યું છે.

'જુનું તે સોનું, એ તો ચીલાચાલુ વાત થઈ. ઘણિ વ્યક્તિઓને નવા મિત્રો મળે છે ત્યારે જુનાનો ભાવ નથી પૂછતાં. મારું માનવું છે, હા નવા મિત્રો હીરા બરાબર હોય, કિંતુ હીરાને જડવા સોનાની આવશ્યક્તા છે'.

સહુ પ્રથમ 'પતિના વેષમાં મળેલો જીગરી દોસ્ત'. જેને વિષે કંઈ પણ લખવું એટલે,' કરના કંગન જોવા આરસીની જરૂરિયાત' લાગે !

મ, ઈ, ત અને ર. મુંબઈના, ઈતિહાસ થઈ ગયેલા, તાજા અને રમતિયાળ. આ થઈ મિત્રની સંધિ. મુંબઈમાં વિતાવેલા બાળપણ અને શાળા દરમ્યાન થયેલા મિત્રો આજે ૬૦ વર્ષે પણ સાથ નિભાવે છે. 'જો હું મારા મિત્રના ખોળામાં માથું મૂકીને સૂતી હોંઉને તે મારી ગરદન કાપે તો પણ હું માનું કે તેમાં મારું ભલું હશે !' આવો ગળા સુધીનો વિશ્વાસ હોય તેને મિત્ર કહેતા ગર્વ અનુભવું છું.× શાળા અને કોલેજ દરમ્યાનની મિત્રતાની ઈમારત નિઃસ્વાર્થતાના પાયા પર ચણાઈ હતી. આજે આટલા વર્ષો પછી પણ તેની કાંકરી ખરી નથી. આવી મિત્રતા નસિબદારને મળે. જ્યારે પતિએ છેહ દીધો , ભર જુવાનીમાં સાથ ત્યજ્યો ત્યાર પછી ૨૦ વર્ષ સુધી દરરોજ ફોન ઉપર સમાચાર પૂછવા, એ આવા જીગરી મિત્ર જ કરી શકે.

'અરે, તું અમેરિકામાં એકલી રહે છે. અંહી આવી જા આપણે સાથે આખી જીંદગી જીવીશું' આવું વાક્ય મિત્રને મુખે સાંભળવા મળે ત્યારે એમ થાય 'હે ઈશ્વર તારી દયા અને કરૂણાની વર્ષા ધોધમાર થઈ રહી છે'.

મિત્ર વિષે લખતા પર્વત સમાન ખડિયો અને સાગર સમાન સ્યાહી પણ ખૂટી પડશે. છતાં પણ મનોભાવ વ્યક્ત કરીશ અને તમને ખાત્રી થશે, વાતમાં દમ છે ! ઈતિહાસ બની ગયેલા મિત્રો પણ ક્યારેક યાદ આવે. તેમની સાથે વિતાવેલી જીંદગીની યાદગાર પળો આંખના ખૂણા ભીના કરવામાં સફળ થાય. તેમના હસતા ચહેરા અને જીંદગી પ્રત્યેની જીજીવિષા હૃદયને સ્પર્શી જાય.

'અરે, પણ તું અમેરિકા જઈને આવી કેમ થઈ ગઈ ? તારા મોઢા પરનું નૂર ઉડી ગયું.' મિત્રની આ લાગણી શું કહી જાય છે. ભારતમાં રાજરાણી જેવુ જીવન હતું. અમેરિકા બે બાલકો સાથે આવી, પાર્ટ ટાઈમ જોબ, ઘરકામ અને કહેવાય અમેરિકા. હવે તો આ જીંદગી ગમી ગઈ છે. જુવાની વિતાવી, બુઢાપાએ ધામો નાખ્યો. લાગણી બતાવનાર એ મિત્રો ઈતિહાસના પાના પર નામ લખાવી ગયા.

તાજા મિત્રોની તો વાત જ ન પૂછશો. તેમના વિના આ જીવન નૈયા ક્યારની ડૂબી ગઈ હોત. માત્ર પાંચ મિત્રોનો પંચ કોણ છે. હમેશા મળીએ ત્યારે એમ લાગે હજુ કોલેજ જતા જુવાન છીએ. કોઈ વાતનો ઉપકાર ન ચડે. ક્યારેય મેં તારું કર્યું એવી ભાવના ન સ્પર્શે. અડધી રાતના જરૂર પડે તો પણ ફોન કરતા સંકોચ ન થાય. તેમને જરૂર હોય ત્યારે દોડી જવું.

'અરે, તારો ફોન ન આવ્યો ? શું તું નાટક જોવા આવવાની નથી?'

મિત્રની ગાડીમાં જવાનું, પાછા આવવાનું અને ઉપરથી એ મિત્ર જ મને ફોન કરે, 'કેમ તારો ફોન ન આવ્યો'. તેમને સહુને ખબર છે, રાતના હું એકલી નહી જાંઉ. ગાડી છે, ચલાવતા આવડે છે. છતાં રાતના સમયે એકલા જવું પસંદ નથી. ઈર્ષ્યા ન કરશો. સારા મિત્રો જરૂર મળે છે. જો તેમાં 'સ્વાર્થ મુખ્ય ભાગ ન ભજવતો હોય તો'!

હવે ખરો વારો આવે છે તાજા અને રમતિયાળ મિત્રોનો. એ મિત્રો જેમ જીવનમાં પ્રાણ વાયુની જરૂર છે ,તેવા કહી શકાય. મળે એટલે બસ હસવાનું, નવી નવી વાતો સંભળાવવાની ઝુંબેશ ચાલુ થઈ જાય. વ્યક્તિ 'ઘરડી' ક્યારે થાય. એ પ્રશ્નનો આ જવાબ છે. જે સમયે ઉદાસી દિલમાં સ્થાયી થાય અને મુખ પરથી હાસ્ય વિદાય થાય. ત્યારે સમજવું આ વ્યક્તિ ગઈ કામથી. માત્ર મરવાને વાંકે જીવે છે. તાજા મિત્રો માત્ર જુવાન હોઈ શકે તે જરૂરી નથી.

ઘણી વખત જુવાનોના દિલમાં આળસ ઘર કરી જાય છે. જ્યારે આધેડ ઉમરના મિત્રો બધી જવાબદારીથી મુક્ત થયેલા હોય છે. તેમનું વાંચન વિશાળ હોય. અનુભવોનો અણમોલ ખજાનો હોય એવા મિત્રો જીંદગીને હમેશા તરવરાટ ભરી રાખે છે. હા, ઘણા અડિયલ, ખડૂસ જેવા મિત્રો હોઈ શકે. તેમનાથી નાતો તોડાય નહી પણ 'ખપ પૂરતો' જરૂર કરી શકાય.

મિત્રાતા વિષે દરેકને અનુભવ થયા હોય છે. 'જો સારો મિત્ર ન મળ્યો હોય તો તેમાં વાંક સ્વનો જ હોઈ શકે. એ હું દાવા સાથે કહું છું. મિત્રની પીઠ ફરી નથી ને તેની ખોદણી કરવી'. હવે આવી વ્યક્તિને મિત્ર ન મળે તેમા વાંક કોનો?

'મેં એને કેટલી સહાય કરી, મેં વખત આવે પૂછ્યું તો ધડ દઈને ના પાડી દીધી.'અરે મારા મિત્ર, સંજોગ તો જો ? તેની ના પાડવા પાછળનું રહસ્ય જાણીશ ત્યારે તારો અભિપ્રાય બદલાઈ જશે.'

અતિશયોક્તિ લાગશે પણ અમુક અંશે બાળકો પણ મિત્ર હોય છે. બહેન અને ભાઈ સમજે તો મિત્ર બની શકે છે. એક વસ્તુ સદા હૃદયમાં કોતરવી, ' દરેક સંબંધની મધ્યમાં ખૂબ બારિક લક્ષ્મણ રેખા હોય છે'. જેને લાંઘવાનો પ્રયત્ન કદાપિ ન કરવો. દરેક સંબંધ સ્વાર્થના પાયા પર ટકે છે એમાં થોડી અતિશયોક્તિ લાગશે ?

મિત્ર માટે ઘણી વાતો સાંભળી, ઘણી વ્યાખ્યા વાંચી. આજે તેને નવી નજરથી નિહાળીએ.

' જે અત્ર, તત્ર, સર્વત્ર વર્તાય તે મિત્ર'.

તમને થશે આમાં અતિશયિક્તિ છે. મારા મંતવ્ય પ્રમાણે તે યથાર્થ છે. આજે જ્યારે મિત્ર વિષે લખવાનો વિચાર સ્ફૂર્યો ત્યારે મનમાં આંધી ઉઠી. કયા મિત્ર વિષે લખું. મારા ભારતના શાળાના મિત્રો, કોલેજકાળ દરમ્યાનના મિત્રો કે પછી આજકાલ જેમની સાથે મારો સુંદર સમય વ્યતિત થાય છે તે મિત્ર. મિત્ર માટે એક સનાતન સત્ય તારવ્યું છે.

'જુનું તે સોનું, એ તો ચીલાચાલુ વાત થઈ. ઘણિ વ્યક્તિઓને નવા મિત્રો મળે છે ત્યારે જુનાનો ભાવ નથી પૂછતાં. મારું માનવું છે, હા નવા મિત્રો હીરા બરાબર હોય, કિંતુ હીરાને જડવા સોનાની આવશ્યક્તા છ'.

સહુ પ્રથમ 'પતિના વેષમાં મળેલો જીગરી દોસ્ત'. જેને વિષે કંઈ પણ લખવું એટલે,' કરના કંગન જોવા આરસીની જરૂરિયાત' લાગે !

મ, ઈ, ત અને ર. મુંબઈના, ઈતિહાસ થઈ ગયેલા, તાજા અને રમતિયાળ. આ થઈ મિત્રની સંધિ. મુંબઈમાં વિતાવેલા બાળપણ અને શાળા દરમ્યાન થયેલા મિત્રો આજે ૬૦ વર્ષે પણ સાથ નિભાવે છે. 'જો હું મારા મિત્રના ખોળામાં માથું મૂકીને સૂતી હોંઉને તે મારી ગરદન કાપે તો પણ હું માનું કે તેમાં મારું ભલું હશે !' આવો ગળા સુધીનો વિશ્વાસ હોય તેને મિત્ર કહેતા ગર્વ અનુભવું છું.× શાળા અને કોલેજ દરમ્યાનની મિત્રતાની ઈમારત નિઃસ્વાર્થતાના પાયા પર ચણાઈ હતી. આજે આટલા વર્ષો પછી પણ તેની કાંકરી ખરી નથી. આવી મિત્રતા નસિબદારને મળે. જ્યારે પતિએ છેહ દીધો , ભર જુવાનીમાં સાથ ત્યજ્યો ત્યાર પછી ૨૦ વર્ષ સુધી દરરોજ ફોન ઉપર સમાચાર પૂછવા, એ આવા જીગરી મિત્ર જ કરી શકે.

'અરે, તું અમેરિકામાં એકલી રહે છે. અંહી આવી જા આપણે સાથે આખી જીંદગી જીવીશું' આવું વાક્ય મિત્રને મુખે સાંભળવા મળે ત્યારે એમ થાય 'હે ઈશ્વર તારી દયા અને કરૂણાની વર્ષા ધોધમાર થઈ રહી છે'.

મિત્ર વિષે લખતા પર્વત સમાન ખડિયો અને સાગર સમાન સ્યાહી પણ ખૂટી પડશે. છતાં પણ મનોભાવ વ્યક્ત કરીશ અને તમને ખાત્રી થશે, વાતમાં દમ છે ! ઈતિહાસ બની ગયેલા મિત્રો પણ ક્યારેક યાદ આવે. તેમની સાથે વિતાવેલી જીંદગીની યાદગાર પળો આંખના ખૂણા ભીના કરવામાં સફળ થાય. તેમના હસતા ચહેરા અને જીંદગી પ્રત્યેની જીજીવિષા હૃદયને સ્પર્શી જાય.

'અરે, પણ તું અમેરિકા જઈને આવી કેમ થઈ ગઈ ? તારા મોઢા પરનું નૂર ઉડી ગયું.' મિત્રની આ લાગણી શું કહી જાય છે. ભારતમાં રાજરાણી જેવુ જીવન હતું. અમેરિકા બે બાલકો સાથે આવી, પાર્ટ ટાઈમ જોબ, ઘરકામ અને કહેવાય અમેરિકા. હવે તો આ જીંદગી ગમી ગઈ છે. જુવાની વિતાવી, બુઢાપાએ ધામો નાખ્યો. લાગણી બતાવનાર એ મિત્રો ઈતિહાસના પાના પર નામ લખાવી ગયા.

તાજા મિત્રોની તો વાત જ ન પૂછશો. તેમના વિના આ જીવન નૈયા ક્યારની ડૂબી ગઈ હોત. માત્ર પાંચ મિત્રોનો પંચ કોણ છે. હમેશા મળીએ ત્યારે એમ લાગે હજુ કોલેજ જતા જુવાન છીએ. કોઈ વાતનો ઉપકાર ન ચડે. ક્યારેય મેં તારું કર્યું એવી ભાવના ન સ્પર્શે. અડધી રાતના જરૂર પડે તો પણ ફોન કરતા સંકોચ ન થાય. તેમને જરૂર હોય ત્યારે દોડી જવું.

'અરે, તારો ફોન ન આવ્યો ? શું તું નાટક જોવા આવવાની નથી?'

મિત્રની ગાડીમાં જવાનું, પાછા આવવાનું અને ઉપરથી એ મિત્ર જ મને ફોન કરે, 'કેમ તારો ફોન ન આવ્યો'. તેમને સહુને ખબર છે, રાતના હું એકલી નહી જાંઉ. ગાડી છે, ચલાવતા આવડે છે. છતાં રાતના સમયે એકલા જવું પસંદ નથી. ઈર્ષ્યા ન કરશો. સારા મિત્રો જરૂર મળે છે. જો તેમાં 'સ્વાર્થ મુખ્ય ભાગ ન ભજવતો હોય તો'!

હવે ખરો વારો આવે છે તાજા અને રમતિયાળ મિત્રોનો. એ મિત્રો જેમ જીવનમાં પ્રાણ વાયુની જરૂર છે ,તેવા કહી શકાય. મળે એટલે બસ હસવાનું, નવી નવી વાતો સંભળાવવાની ઝુંબેશ ચાલુ થઈ જાય. વ્યક્તિ 'ઘરડી' ક્યારે થાય. એ પ્રશ્નનો આ જવાબ છે. જે સમયે ઉદાસી દિલમાં સ્થાયી થાય અને મુખ પરથી હાસ્ય વિદાય થાય. ત્યારે સમજવું આ વ્યક્તિ ગઈ કામથી. માત્ર મરવાને વાંકે જીવે છે. તાજા મિત્રો માત્ર જુવાન હોઈ શકે તે જરૂરી નથી.

ઘણી વખત જુવાનોના દિલમાં આળસ ઘર કરી જાય છે. જ્યારે આધેડ ઉમરના મિત્રો બધી જવાબદારીથી મુક્ત થયેલા હોય છે. તેમનું વાંચન વિશાળ હોય. અનુભવોનો અણમોલ ખજાનો હોય એવા મિત્રો જીંદગીને હમેશા તરવરાટ ભરી રાખે છે. હા, ઘણા અડિયલ, ખડૂસ જેવા મિત્રો હોઈ શકે. તેમનાથી નાતો તોડાય નહી પણ 'ખપ પૂરતો' જરૂર કરી શકાય.

મિત્રાતા વિષે દરેકને અનુભવ થયા હોય છે. 'જો સારો મિત્ર ન મળ્યો હોય તો તેમાં વાંક સ્વનો જ હોઈ શકે. એ હું દાવા સાથે કહું છું.

મિત્રની પીઠ ફરી નથી ને તેની ખોદણી કરવી'. હવે આવી વ્યક્તિને મિત્ર ન મળે તેમા વાંક કોનો?

'મેં એને કેટલી સહાય કરી, મેં વખત આવે પૂછ્યું તો ધડ દઈને ના પાડી દીધી.'અરે મારા મિત્ર, સંજોગ તો જો ? તેની ના પાડવા પાછળનું રહસ્ય જાણીશ ત્યારે તારો અભિપ્રાય બદલાઈ જશે.'

અતિશયોક્તિ લાગશે પણ અમુક અંશે બાળકો પણ મિત્ર હોય છે.

બહેન અને ભાઈ સમજે તો મિત્ર બની શકે છે. એક વસ્તુ સદા હૃદયમાં કોતરવી, ' દરેક સંબંધની મધ્યમાં ખૂબ બારિક લક્ષ્મણ રેખા હોય છે'. જેને લાંઘવાનો પ્રયત્ન કદાપિ ન કરવો. દરેક સંબંધ સ્વાર્થના પાયા પર ટકે છે એમાં થોડી અતિશયોક્તિ લાગશે ?

ન્યુઝ ઓફ ગાંધીનગર.



# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક
# સાહિત્ય સરિતા-આયોજક : પ્રદીપ રાવલ










NOG NO. S.S. 0059.

વિષયઃમિત્રતા નો સંવાદ.

પ્રકારઃ ગદ્ય- લેખ.

શીર્ષકઃજગમે ઊંચી એકસગાઈ!

શબ્દોઃ ૩૪૫.

© જયકાન્ત ઘેલાણી- પ્યારે.

મિત્ર ની વાત લખવી,એટલે, નીજ, પોતાનીજ સાચી ઓળખ આપવી ?

સમજે તેને માટે સહેલું અને
ન સમજે તેને માટે ઘણું અઘરું કામ !
કોઈએ સાચું જ લખ્યૂછે કે,
મિત્ર એજ પ્યારે
મારો અરીસો!
કેટલી સત્ય અને સચોટ વાત !

સૌ પ્રથમ મિત્રતા બજારમાં વહેંચાતી વસ્તુ નથી, મિત્રો મળેછે,
સારા સ્વભાવથી,સારા વર્તનથી

અને સૌથી વિશેષ અરસ પરસની વિશાળ ખેલદીલીની ઊચ્ચ ભાવનાથી, હાં, જીવનમા સારા મિત્રો મળવા ,અને જીવનભર મિત્રતા ટકાવી રાખવી એ એક ઘણીજ મોટી, કૂદરતની આપેલી અણમોલ ભેટ જ ગણી શકાય.

મિત્રતા એટલે સરખા સ્વભાવ વાળી નિઃસ્વાર્થ વ્યકિતઓનુ પ્યારે', મધુર મિલન !,

જે મિલન માટે ભગવાન, શ્રીકૃષ્ણ પણ રાજગાદી છોડી, દોડી ગયાહતા,બાળપણના ગોઠિયા,શ્રીસુદામા ને મળવાને,

આજ છે,
રાજ, મિત્રતા ની મધુરતા નુ !
મિત્રતા એટલે,
ઊચ્ચ-નીચ,શ્રીમંત-ગરીબ,
શિક્ષીત-અભણ,ચાલાક-ભોળા,
જેવી વિવિધ ભેદરેખાની,

પ્રમાણિકતા સાથે બાદબાકી કરી શકે તેજ, મિત્રતા કેળવી શકે, માણી શકે.

મિત્રતા ના સંબંધ માટે સાચૂજ લખાયુછે કે,જન્મદાતા,
જેની સાથે લોહીના સંબંધ

જોડી ન શક્યો, પણ, લોહીના સંબંધ થી પણ ઊચ્ચ એવા પવિત્ર સંબંધથી જે જોડાયા,

તેજછે , મિત્રતા ! મિત્રતા પ્રભૂને પણ પ્યારી !
અને તેથીજ,સત્ય ને ઊજાગર કરતી અવનવી કહેવતો પડી,
'મિત્રતા છે જગમાં મોટી સગાઈ''.
શેરી મિત્રો સો મળે,
તાળી મિત્રો અનેક,
દૂઃખ સમયે સાથે ઊભોરહે તે
લાખોમાં એક !.
મિત્રતા ની મહેંક પ્રસરાવતુ
અતી ઉતમ દ્રષ્ટાંત એટલે,
ભગવાન શ્રીકૃષ્ણ અને
દરિદ્ર સૂદામાની ઊચ્ચ
ભેરૂબંધી.
જન્મજાત સ્વભાવથી અલગ તેવા જગતના બે પદાર્થો ?
પાણીનો સ્વભાવ શિતળ ત્યારે

અગ્નિ નો સ્વભાવ ગરમ છતાં બન્નેની અરસ પરસ માટે ન્યોછાવર કરવાની કેવી ઊચ્ચ ભાવના !

પાણીને ગરમ કરવા અગ્નિ જોઈએ, તો તે અગ્નિ ની
ભડભડતી આગ બુઝાવવા માટે પાણી અતી આવશ્યક !

આછે અરસ પરસના પૂરક અને અરસ પરસ માટે અતી આવશ્યક એવા બે મિત્રોની જુગલબંધી નું અતી ઉતમ દ્રષ્ટાંત !.

જગમા મિત્રતા તેજ માણી શકે
પ્યારે'જે,મિત્રતા નિભાવી શકે !.
મિત્રતા એટલે સોનાની ખાણ !
આપણે સૌ અનૂભવના આધારે લખી શકીએ કે,
મિત્રતા ની નાની નાવ થી પણ,
તમે જીવન નો અગાઢ ભવસાગર પાર કરી શકોછો.
મિત્રતા એટલે ઈશ્ર્વરે,જગતના
માનવીને આપેલી મહામૂલી શોગાત- ભેટ !
આપણે સૌ મિત્રતાના પવિત્ર બંધને જોડાયાજ છિએ.
સંવારે, મિત્રતા
જીવનમાં સારી,પ્યારે'
તેની શાનછે ન્યારી.
શ્ર? જયકાન્ત ઘેલાણી -પ્યારે'.

---

N.O.G. S.S. No 0102

નામ :- રતીલાલ વાયડા

વિષયઃ- મિત્રતાનો સંવાદ.

પ્રકારઃ- ગદ્ય. લેખ.

શીર્ષકઃ- મિત્ર.

તારીખઃ- ૭/૭/૨૦૨૨. ગુરૂવાર.

રચનાઃ-

આપણો મિત્ર એ આપણો અંગત ભાઈ જેવો છે. જે વાત આપણે કોઈને ન કહી શકતા હોય તે વાત આપણે મિત્રને કહીએ છીએ. દુઃખ સુખમાં તે હંમેશા આપણી સાથે હોય છે. તેના ખપે માથું રાખી રડી શકીએ અને અને આશ્વાસન મેળવી શકીએ છીએ.

મુશ્કેલીના સમયે આપણો મિત્ર હંમેશા આપણી સાથે હોય છે. તન મન અને ધન થી તે આપણે મદદરૂપ થાય છે. મિત્રો ઉપર સંપૂર્ણ વિશ્વાસ રાખી શકાય છે કારણ કે તે આપણા તરફ ખૂબ જ પ્રમાણિક અને વફાદાર હોય છે. તેમાં પણ બચપણની લંગોટિયા ભાઈબંધ ની દોસ્તી તો જીવનમાં ક્યારેય પણ ભૂલી શકાતી નથી. તે હંમેશા આપણી સાથે જ હોતો હોય છે.

જ્યાં સગા સંબંધીઓ કોઈ કામમાં ન આવે ત્યાં સાચો મિત્ર આપણી પાસે ઉભી અને આપણું તમામ કામ કરતો હતો હોય છે.

આપણા રાઈ જેવા દુઃખને પણ તે પર્વત સમજી અને આપણી મદદમાં ઊભો રહે છે અને સમયસર કામ પાર પાડે છે.

મૈત્રી જૂની તેટલો રંગ દે છે. બુઢા મિત્રો પણ સાથે મળી અને નાનપણની વાતો કરી અને ખૂબ આનંદ મેળવતા હોતા હોય છે. તેઓનો સંવાદ કલાકો સુધી ચાલતો હોય છે.

શ્રી કૃષ્ણ અને સુદામા ની મૈત્રી જગ જાહેર છે. મૈત્રીમાં ગરીબ તવંગર ના કોઈ ભેદ હોતા નથી. તવન્ગર મિત્ર ગરીબ મિત્રને ખૂબ મદદરૂપ થતો હતો હોય છે.

લેખકઃ- રતીલાલ વાયડા
નવી મુંબઈ

---

NOG SS No* : *0110*

પ્રકાર : ગદ્ય- મૌલિક લેખ

વિષય : મિત્રતાનો સંવાદ

શબ્દો : ૨૮૧

શીર્ષક : 'અણીશુદ્ધ મિત્રતા'

લેખકનું નામ : નિખિલ કિનારીવાળા (અમદાવાદ)

મિત્ર એટલે સખો અથવા સખી,જે જીવનપર્યંત અણીશુદ્ધ મિત્રતા નિભાવી જાણે. જે પરસ્પરના સંબંધો અને વ્યવહારમાં લાભાલાભથી પર હોય અને સમય આવે મિત્ર કાજે પોતાનું સર્વસ્વ લુંટાવવા તૈયાર હોય. આપણા ધર્મગ્રંથો, શાસ્ત્રો અને ઈતિહાસ આવી કેટલીય ઉદાહરણરૂપ મિત્રતાના સાક્ષી છે.

હું ચોક્કસ એવું માનું છું કે, મિત્રતામાં સંવાદ જરૂર હોય છે પરંતુ તે મૌન સંવાદ હોય છે. એક મિત્ર બીજા મિત્રની વાત તેના ચહેરાના હાવભાવ ઉપરથી જાણી લે છે. હ્રદયની વાત આપોઆપ હ્રદય સુધી પહોંચી જ જાય છે.

સાચી મિત્રતા ક્યારેય સંવાદની મહોતાજ નથી હોતી. પહેલા મિત્રએ બીજા મિત્ર પાસે ક્યારેય કશું માગવું પડતું નથી. બીજો મિત્ર પહેલા મિત્રની વ્યથાને કળી લે છે અને તેનું સ્વાભિમાન સાચવીને તેને ખબર પણ ન પડે તેમ તેની પડખે ઉભો રહી તેની મુશ્કેલી દૂર કરવા કોશિશ કરે છે. સાચી મિત્રતા અણીશુદ્ધ હોય છે જેમાં બંનેમાંથી એક પણ પક્ષે અપેક્ષા નથી હોતી કે નથી હોતી ઉપકાર કે આભારની લાગણી.

મહાભારત અને રામાયણ જેવા પૌરાણિક ગ્રંથોમાં આવી અણીશુદ્ધ મિત્રતા વિશે અસંખ્ય પ્રસંગોનો ઉલ્લેખ છે. ભગવાન શ્રી કૃષ્ણ અને નાનપણના સખા સુદામાની અતૂટ મિત્રતા, ગરીબ સુદામાનો નાનપણના મિત્ર દ્વારિકાના રાજા શ્રી કૃષ્ણને મળવા જતાં અનુભવાતો ખચકાટ, સુદામાના પ્રેમથી લાવેલ તાંદુલ આરોગતા દ્વારિકાધીશ શ્રી કૃષ્ણ ,આ બધાં પ્રસંગો સાચી મિત્રતાને વ્યાખ્યાયિત કરે છે. શ્રી કૃષ્ણ અને અર્જુન, કર્ણ અને દુર્યોધન, શ્રી કૃષ્ણ અને દ્રૌપદીના સંબંધો અણીશુદ્ધ મિત્રતાને એક ચોક્કસ ઊંચાઈ બક્ષે છે.

રામાયણમાં શ્રી રામ સાથે વાનરરાજ સુગ્રીવની અને રાવણના નાના ભાઈ વિભિષણ ની મિત્રતા ઉદાહરણ રૂપ છે.આજના યુગમાં સાચી મિત્રતા મળવી એ ભાગ્ય છે. તાળીમિત્રો તો સો હોય પણ દુઃખમાં પડખે ઉભો રહી સાથ આપનાર એક મિત્ર પણ જો જીવનમાં મળે તો તેને જાળવી લેવો જોઈએ, કારણ કે મિત્રતાના નામે આજકાલ વેપાર કરનારા ઘણા હોય છે પરંતુ અણીશુદ્ધ મિત્રતાનો મૌન સંવાદ સાધનારા મિત્રો જવલ્લે જ મળતાં હોય છે.

નિખિલ કિનારીવાળા, અમદાવાદ
૦૭ જુલાઈ ૨૦૨૨

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે 'ગુજરાત જ્ઞાન ગુરૂ ક્વિઝ'નો અમદાવાદના સાયન્સ સીટીથી રાજ્ય વ્યાપી શુભારંભ કરાવ્યો

અમદાવાદ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું છે કે, ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝ આપણી ભાવી પેઢીને જાણકાર, માહિતીસભર અને જ્ઞાની બનાવી વિશ્વ સાથે સ્પર્ધા માટે તૈયાર કરવાનું દૂરંદેશી પગલું છે. ક્વિઝ સ્પર્ધાથી નગરો-મહાનગરોની શાળા અને કોલેજોમાં એક જુવાળ ઊભો થશે. વાંચનની સાથે સાથે સ્પર્ધા કરવાનો ભાવ પણ પ્રબળ બનશે તેમ તેમણે ઉમેર્યું હતું.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે અમદાવાદ સાયન્સ સિટી ખાતેથી દેશની સૌથી મોટી એવી 'ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ'નો શુભારંભ કરાવ્યો હતો. આગામી ૭૫ દિવસ દરમ્યાન તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાએ આ ક્વિઝ યોજાશે. જેમાં શાળા-કોલેજના વિદ્યાર્થીઓ તેમજ સામાન્ય નાગરિકો સહિત ૨૫ લાખથી વધુ સ્પર્ધકો ભાગ લેવાના છે.

વેબસાઇટ, ઇ-પુસ્તિકા અને ઓનલાઇન કોમ્પિટિશનના માધ્યમથી આ રાજ્ય વ્યાપી સ્પર્ધાને ડિજીટલ ઓપ આપવામાં આવ્યો છે.

'ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ'નો શુભારંભ અવસરે મુખ્યમંત્રી શ્રીએ વધુમાં કહ્યું કે, સરકારની વિવિધ યોજનાઓ અને નીતિ-નિયમો સહિત સામાન્ય જ્ઞાનથી વિદ્યાર્થીઓ-નાગરિકો અવગત થાય તે આ સ્પર્ધાનો ઉદ્દેશ છે. દરેક પ્રશ્નોના જવાબ ગુગલમાંથી જાણી લેતી આજની પેઢીને સ્મૃતિ આધારિત જવાબો આપવાની અને મનન ચિંતન કરવાની ટેવ પડશે એમ તેમણે ઉમેર્યુ હતું.

તેમણે કહ્યું કે, વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇના નેતૃત્વમાં ગુજરાતનો એજ્યુકેશન સેક્ટરનો ગ્રોથ આભને આંબ્યો છે. શિક્ષણ સહિતના ક્ષેત્રે અવનવા બદલાવ આવી રહ્યા છે, નવી પહેલ થઇ રહી છે 'ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝ' રાજ્યની બાળ અને યુવા પેઢીને ગુજરાતની સર્વગ્રાહી વિકાસ યાત્રામાં સહભાગી બનાવશે.



મુખ્યમંત્રીશ્રીએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ શરૂ કરાવેલા વાંચે ગુજરાત અભિયાનની ફળશ્રૃતિનો ઉલ્લેખ કરીને કહ્યું કે, વિકાસના આધારસમી આપણી ભાવી પેઢીને ખિલવાના અને વિશ્વ સાથે બરોબરી કરવાના અવસરો વડાપ્રધાનશ્રીએ આપ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું કે, ગુજરાત જ્ઞાનગુરુ ક્વિઝ સરકારની વિવિધ યોજનાઓનું સેચ્યુરેશન -૧૦૦ ટકા લાભાર્થી કવરેજ સિદ્ધ કરવામાં મહત્વની ભૂમિકા ભજવશે. આ ક્વિઝથી યોજનાઓની માહિતી છેવાડાના માનવી સુધી પહોંચશે એમ તેમણે ઉમેર્યું હતું.

રાજ્ય સરકારની દરેક યોજનાઓ સામાન્યમાં સામાન્ય માનવીને કેનદ્રમાં રાખીને તૈયાર કરવામાં આવી છે અને છેવાડાના માનવી સુધી આ યોજનાઓ પહોંચે એવી તમામ પ્રકારની વ્યવસ્થાઓ રાજ્ય સરકાર દ્વારા કરવામાં આવી રહી છે, એમાં આ ક્વિઝ એક અગત્યનો ભાગ ભજવશે એમ તેમણે વધુમાં ઉમેર્યું હતું.

શિક્ષણ મંત્રીશ્રી જીતુભાઇ વાઘાણીએ જણાવ્યુ હતુ કે, દેશની સૌથી મોટી અને રાજ્યની પહેલી ક્વિઝનો આજથી મુખ્યમંત્રીશ્રીએ પ્રારંભ કરાવ્યો છે. ૨૫ લાખથી વિદ્યાર્થીઓ આ ક્વિઝમાં ભાગ લેવાના છે. રાજ્યના વિદ્યાર્થીઓના જ્ઞાનમાં અભિવૃદ્ધિ થાય તેવો આશય આ ક્વિઝ યોજવા પાછળનો છે.

શિક્ષણ સમાજ વ્યવસ્થાઓનું મોટું રોકાણ છે એમ મનાય છે ત્યારે રાજ્યના શિક્ષણ ક્ષેત્રે વિકાસના અનેક આયામો હાથ ધરાયા છે. રાજ્યના વિદ્યાર્થીઓના બૌદ્ધિક વિકાસ માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે. વિજ્ઞાનની જાણકારી વધારતા સાયન્સ સિટીની છેલ્લા ૮ મહિનામાં ૮ લાખ લાકોએ મુલાકાત લીધી છે એમ તેમણે ઉમેર્યું હતું.

વિદ્યાર્થીઓ ઉપરાંત વાલીઓ પણ આ ક્વિઝમાં સહભાગી થાય તેવો અનુરોધ શિક્ષણમંત્રીશ્રીએ કર્યો હતો.

ઉદ્યોગ અને સહકાર મંત્રી શ્રી જગદીશભાઇ વિશ્વકર્માએ જણાવ્યું હતુ કે, દેશના હાલના વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઇ મોદીએ ઘણા સમય પહેલા ઓફલાઇન ક્વિઝ રાજ્યમાં શરૂઆત કરાવી હતી. રાજ્યના વિદ્યાર્થીઓ રાજ્યની વિકાસ યાત્રાની જાણકારી મેળવી શકે તેવા આશયથી મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલના માર્ગદર્શનમાં ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝનો આજથી રાજ્ય વ્યાપી પ્રારંભ કરાવ્યો છે. આ નવતર પ્રયોગ નવા પરિમાણો પ્રસ્થાપિત કરશે એમ તેમણે ઉમેર્યું હતું.

રાજ્ય શિક્ષણ મંત્રીશ્રી કુબેરભાઇ ડિંડોરે જણાવ્યું હતું કે, ૨૦ વર્ષનો વિશ્વાસ- ૨૦ વર્ષનો વિકાસ લોકો સુધી પહોંચ્યો છે. સરકારની યોજનાઓની માહિતી આપતી ગુજરાત જ્ઞાન ગુરુ ક્વિઝનું આયોજન કર્યું છે.

## દિવ્યાંગ વિદ્યાર્થીઓને ઉજ્જ્વળ કારકિર્દીની સમીપે લઈ જતી અમદાવાદ જિલ્લા પંચાયત - શિક્ષણ સમિતિની નવતર પહેલ "દિવ્યાંગ સમીપે"







અમદાવાદ,

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિની દિવ્યાંગ સમીપે યોજનાનો શુભારંભ કરાવતા જણાવ્યું કે, ×દિવ્યાંગ સમીપે યોજનાની× પહેલ દિવ્યાંગજનોને લર્નિંગ લોસ માંથી બહાર કાઢવામાં આશીર્વાદરૂપ બની રહેશે.

મુખ્યમંત્રીશ્રીએ દિવ્યાંગ વિદ્યાર્થીઓ પ્રત્યે સંવેદના વ્યક્ત કરીને એક ઝળહળતા અવસરમાં સહભાગી બનવાની ખુશી વ્યક્ત કરતા જણાવ્યું હતું કે, શ્રી નરેન્દ્ર ભાઈએ ગુજરાતથી શરૂ કરેલી વિકાસની રાજનીતિ અને કાર્ય સંસ્કૃતિથી ગુજરાત આજે વિકાસમાં અગ્રેસર બન્યું છે.

મુખ્યમંત્રીશ્રીએ વધુમાં ઉમેર્યું હતું કે, શ્રી નરેન્દ્રભાઈએ દિવ્યાંગજનો માટે ગુણવત્તાયુક્ત શિક્ષણ અને સન્માનપૂર્ણ જીવનનો સેવા યજ્ઞ શરૂ કરી જે જ્યોત જલાવી તે આજે પણ પ્રજ્વલિત છે અને તેને વધુ ઝળહળતી કરવાનો આ પ્રસંગ છે. તેમણે દિવ્યાંગ જેવી સન્માનજનક ઓળખ આપીને દિવ્યાંગો પ્રત્યેનો અભિગમ બદલ્યો. વડાપ્રધાન શ્રી એ પોતાનો જન્મદિવસ નવસારીમાં ઉજવીને દિવ્યાંગોને ૧૧ હજાર કરોડની સાધન સહાય આપી વિશ્વ વિક્રમ સ્થાપ્યો હતો.

મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલે વંદે ગુજરાત સંદર્ભે જણાવ્યું કે, છેલ્લા ૨૦ વર્ષમાં ગુજરાતના ૮૭૯૬ દિવ્યાંગજનોને રૂ.૧૦૦ કરોડની સાધન સહાય અને અન્ય દિવ્યાંગજનોને ૧૯૦ કરોડની શિષ્યવૃત્તિ સહાય આપવામાં આવી છે.

જન્મથી મુકબધીરતા ધરાવતા ૨૪૬૩બાળકોની ૮૭ કરોડના ખર્ચે કોકલિયર ઈમ્પ્લાન્ટ સર્જરી સંપૂર્ણપણે વિનામૂલ્યે હાથ ધરવામાં આવી હોવાનું મુખ્યમંત્રી શ્રી એ જણાવ્યું હતું.

દિવ્યાંગજનો સાંકેતિક ભાષામાં વીડીયોકોલ થી પોતાની સમસ્યાઓ, મુંજવતા પ્રશ્નોનું ત્વરિત નિરાકરણ મેળવી શકે તે હેતુથી રાજ્ય સરકાર દ્વારા હેલ્પલાઇન શરૂ કરવામાં આવી છે.

આ પ્રસંગે પંચાયત રાજ્ય મંત્રી શ્રી બ્રિજેશભાઈ મેરજાએ દિવ્યાંગ સમીપે યોજનાને ઇશ્વરીય કામ ગણાવી સમગ્ર જિલ્લા વહીવટી તંત્રને અભિનંદન પાઠવ્યા હતા.

સમગ્ર રાજ્યમાં ડિજિટલ સપ્તાહ ઉજવણી થઈ રહી છે ત્યારે અમદાવાદ જિલ્લા પંચાયત દ્વારા હાથ ધરાયેલ દિવ્યાંગ સમીપે પહેલ અંતર્ગત વિવિધ સોફટવેર વિતરણ દિવ્યાંગ વિદ્યાર્થીઓને આત્મનિર્ભર બનાવશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

આ યોજના અંતર્ગત અમદાવાદ જિલ્લા પંચાયત અને શિક્ષણ સમિતિ સમિતિ દ્વારા ૨૧ પ્રકારની દિવ્યાંગતા ધરાવતા બાળકોને વિવિધ ઉપકરણ સહાય અને જીવન ઉપયોગી વસ્તુઓથી લાભાન્વિત કરવામાં આવ્યા. અમદાવાદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ દ્વારા આ યોજના માટે રૂપિયા ૫૯.૮૦ લાખ મંજુર કરવામાં આવ્યા છે.

'દિવ્યાંગ સમીપે' યોજનાનો મુખ્ય હેતુ દિવ્યાંગ બાળકોને સામાન્ય બાળકો સમકક્ષ બનાવી તેમનીશૈક્ષણિક અને માનસિક ક્ષમતાઓમાં વધારો કરવા નિષ્ણાત ટીમ દ્વારા એસેસમેન્ટ કરીને વિવિધ ઉપકરણો અને જુદા જુદા સોફ્ટવેરની સહાય અર્પણ કરવાનો છે.

અમદાવાદ જિલ્લા પંચાયતની દિવ્યાંગ સમીપે પહેલ અંતર્ગત વિવિધ સમાજસેવી સંસ્થાઓ પણ જોડાઈ છે. જેમાં યુવા અનસ્ટોપેબલ સંસ્થા દ્વારા ૫૦૬ જેટલા લેટેસ્ટ કન્ટેન્ટ સાથેના ×અદ્ધે'જટેબ્લેટ બાળકોને આપવામાં આવ્યા છે. વિ-હિયર સંસ્થા દ્વારા ૧૫૭ જેટલા ઈયર પલ્સ ડિવાઈસ આપવામાં આવ્યા છે. અમદાવાદ જિલ્લા પંચાયત શિક્ષણ સમિતિ અને વિવિધ સમાજસેવી સંસ્થાઓ દ્વારા આ પ્રોજેક્ટને સફળ બનાવવા કુલ રૂપિયા ૪.૪૩ કરોડની રકમની વિવિધ સાધન સહાય દિવ્યાંગ બાળકોને અર્પિત કરવામાં આવી છે.

દિવ્યાંગ સમીપે કાર્યક્રમમાં વિશેષ અતિથિ તરીકે પૂર્વ શિક્ષણ મંત્રી શ્રી ભુપેન્દ્રસિંહ ચુડાસમા, ધારાસભ્ય શ્રી બાબુભાઇ પટેલ, અમદાવાદ જિલ્લા કલેકટર શ્રી સંદીપ સાગલે, જિલ્લા વિકાસ અધિકારી શ્રી અનિલ ધામેલીયા, અમદાવાદ જિલ્લા પંચાયતના ઉપપ્રમુખ રમેશભાઈ મકવાણા સહિત જિલ્લા પંચાયતના પદાધિકારીઓ, શૈક્ષણિક તેમજ સામાજિક આગેવાનો સહિત મોટી સંખ્યામાં દિવ્યાંગ વિદ્યાર્થીઓ અને તેમના વાલીઓ ઉપસ્થિત રહ્યા હતા.

વંદે ગુજરાત વિકાસ યાત્રા, જિલ્લો ડાંગ

## ડાંગની 'વંદે ગુજરાત વિકાસ યાત્રા' આજે જાખાના અને શામગહાન બેઠકમા સમાવિષ્ટ ગલકુંડ અને ચીરાપાડા મુકામે પહોંચશે ; બાર ગામોને લાભાન્વિત કરાશે

આહવા: તા: ૭: ડાંગના આંગણે આવી પહોંચેલી 'વંદે ગુજરાત વિકાસ યાત્રા' ગુજરાતના વિસ વર્ષોના વિકાસની ગાથા સાથે, અનેકવિધ પ્રવૃત્તિઓ લઈને ડાંગના ડુંગરાઓ ખુંદી રહી છે. ત્યારે યાત્રાના ચોથા દિવસે, એટલે કે તા.૮/૭/૨૦૨૨ ના રોજ આ યાત્રા જિલ્લા પંચાયતની જાખાના બેઠકમા સમાવિષ્ઠ બાર ગામોને લાભાન્વિત કરશે.

'વંદે ગુજરાત વિકાસ યાત્રા'ના નિયત કરાયેલા રૂટ મુજબ આજે સવારે આ યાત્રા ગલકુંડ મુકામે પહોંચશે.

અહી ગલકુંડ સહીત વનાર, મોહપાડા, પીપલપાડા, ઉખાટિયા, સિનબંધ, આંબાળીયા, ઉમરિયા, વાંકી, જામદર, અને પાયરપાડા ગામોના લાભાર્થીઓને વિવિધ લાભો એનાયત કરવા સાથે, આ ગામોના કેટલાક વિકાસ કામોનુ ખાતમુહુર્ત અને લોકાર્પણ પણ, યાત્રા સાથે જોડાયેલા મહાનુભાવોના હસ્તે કરાશે. ત્યાર બાદ આ યાત્રા સાંજે શામગહાન બેઠકના ચીરાપાડા મુકામે પહોંચી ઉપર મુજબના કાર્યક્રમો કરશે. અહી સાંસ્કૃતિક કાર્યક્રમના સથવારે વિવિધ યોજનાકીય જાણકારી પણ ગ્રામજનોને પૂરી પડાશે.

નરેન્દ્ર પવાર
ડાંગ જિલ્લા બ્યુરો

## અનુસૂચિત જાતિની વસ્તી ધરાવતા તાલુકામા યોજાશે 'યોગ સેમિનાર'

આહવા: તા: ૭ : સ્પોર્ટ્સ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર દ્વારા રાજયના તમામ જિલ્લાઓમા અનુસુચિત જાતિની વધુ વસ્તી ધરાવતા એક તાલુકા મથક ખાતે યોગ સેમિનારનું આયોજન વિના મુલ્યે હાથ ધરવામા આવનાર છે. યોગમા રસ ધરાવતા અનુસુચિત જાતિના ઉમેદવારો એ જીલ્લા રમત વિકાસ અધિકારીના મોબાઈલ નં. ૯૮૯૮૬૨૧૯૭૯ ઉપર સંપર્ક કરીને, યોગ સેમીનાર માટેના પ્રવેશપત્ર મેળવીને તેમા સંપૂર્ણ વિગતો ભરીને તા. ૦૮-૦૭-૨૦૨૨ સુધીમા, જીલ્લા રમત વિકાસ અધિકારી, જીલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્ર ડાંગ-સાપુતારા કચેરી ખાતે રૂબરૂ અથવા ટપાલ મારફતે મોકલી આપવાના રહેશે. પસંદ થયેલ ઉમેદવારોને કચેરી દ્વારા યોગ સેમીનારનુ સ્થળ અને તારીખ ની જાણ કરવામા આવશે. તેમ જિલ્લા રમત વિકાસ અધિકારી સાપુતારાની એક અખબારી યાદીમા જણાવાયું છે.

નરેન્દ્ર પવાર
ડાંગ

## ડાંગના બોરપાડા ગામેથી મોરખલ (સેલવાસ) ની યુવતિ ગુમ થતા ફરિયાદ નોંધાઈ

આહવા: તા: ૭ : ડાંગ જિલ્લાના વઘઈ તાલુકાના બોરપાડા ગામેથી મૂળ મોરખલ (સેલવાસ) ના ડુંગરીપાડાની ૧૪ વર્ષિય યુવતિ ગુમ થયાની ફરિયાદ, વઘઈ પોલીસના ચોપડે તા. ૨૯-૦૬-૨૦૨૨ના રોજ નોંધાઈ છે.

પ્રાપ્ત વિગતો અનુસાર ગુમ થનાર યુવતિ ડાંગ જિલ્લાના દગડીઆંબા ગામે લગ્નના માંડવામા તેણીના ઘરેથી ના પાડવા છતા આવી હતી. બાદમા ઘરેથી આ બાબતે તેણીને ઠપકો મળશે તેમ લાગતા તે બોરપાડા ગામેથી ભાગી જતા ગુમ થઈ જવા પામી છે.

ગુમ થનાર યુવતિ મુળ રહે. મોરખલ, ડુંગરીપાડા (સેલવાસ) ની છે. તેણીની ઉંમર ૧૪ વર્ષ, ૨ માસ, અને ૨૭ દિવસ છે. ગુમ થઈ ત્યારે આ યુવતિએ લાલ રંગનું પ્લેન શર્ટ, તથા ક્રીમ કલરનુ સાદુ પેન્ટ અને પગમાં ખાખી કલરના ચામડાના બુટ પહેરેલ હતા. તેણીનુ નામ રોશની અશોકભાઈ બોબા છે. તેનો રંગ ઘંઉ વર્ણ, વાળનો રંગ કાળો, આંખનો રંગ કાળો, પાતળો બાંધો, ઊંચાઈ ૫ ફૂટ ૩ ઈંચ છે. તે ગુજરાતી અને હિન્દી ભાષા જાણે છે.

તા. ૨૬-૦૫-૨૦૨૨ના રોજ ગુમ થયેલી આ યુવતિની જો કોઈ ભાળ કે પત્તો મળે તો વઘઈ પોલીસ સ્ટેશનને આ અંગેની જાણ કરવા, જિલ્લા પોલીસ અધિક્ષક શ્રી રવિરાજસિંહજી જાડેજા તરફથી મળેલી એક અખબારી યાદીમા જણાવાયું છે.

નરેન્દ્ર પવાર
ડાંગ

## સમસ્ત મહાજન દ્વારા ગૌશાળાઓ તથા પાંજરાપોળોને સ્વાવલંબી બનાવવા માટે દિવસીય પ્રવાસી, નિવાસી મેગા સંમેલન

તા. ૭/૦૭/૨૦૨૨

। સમસ્ત મહાજન દ્વારા ગૌશાળાઓ તથા પાંજરાપોળોને સ્વાવલંબી બનાવવા માટે ગુજરાત, રાજસ્થાન, મહારાષ્ટ્ર તથા ઉતરપ્રદેશની પાંજરાપોળ, ગૌશાળા, પદાધીકારીઓ, જીવદયા કાર્યકરોનું તા.૧૦, સપ્ટેમ્બર થી તા. ૧૭, સપ્ટેમ્બર સુધી આઠ દિવસીય પ્રવાસી, નિવાસી મેગા સંમેલન. સાધુ–સંતો ખાસ આશીર્વાદ આપશે.

। જીવદયા શ્રેષ્ઠીઓ જીવદયાના પ્રશ્નો અંગે વિચારવિમર્શ કરશે.

। રસ ધરાવતાઓને સૌને જોડાવવા જાહેર આમંત્રણ

જીવદયાની ઉત્કૃષ્ટ ભાવના અને જીવ માત્રને જીવાડવાની અંતરની મહેચ્છાઓ સાથે ભારતમાં લાખો અબોલ જીવોનું જીવનપર્યંત જતન થાય છે. આર્થિક વ્યવસ્થાઓ, ઘાસ–ચારાની ઉપલબધ્ના, જમીન અંગેના કાયદાઓ વિગેરે અઢળક પ્રશ્નોનો સામનો કરવાનો હોય છે. આ પ્રશ્નો અંગેની વિષદ છણાવટ પૂર્વક ચર્ચા કરી નિર્ણયાત્મક ભૂમિકા ઉપર આવવા માટે તેમજ સ્વાવલંબન તરફ, પર્યાવરણ રક્ષા તરફ વળવા માત્ર ગુજરાત-રાજસ્થાન જ નહી પરંતુ તમામ સંસ્થાઓના તમામ ટ્રસ્ટીઓએ આઠ દિવસ ભેગા રહે, એકબીજાનો પરીચય થાય, એક બીજાની હૂંફ મળે અને એકબીજાનો સહકાર મળે તે માટે સમસ્ત મહાજનના મેનેજીંગ ટ્રસ્ટી, એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના મેમ્બર શ્રી ગિરીશભાઈ શાહ (મોઃ ૯૮૨૦૦ ૨૦૯૭૬) અને સાથી ટીમના માર્ગદર્શનમાં ગૌશાળા, જીવદયા સંસ્થાઓના ટ્રસ્ટીઓ (એસ.પી.સી.એ)ના પદાધીકારીઓ, જીવદયાના ક્ષેત્રે કામ કરતા કાર્યકરો, સકળ શ્રી સંઘના ટ્રસ્ટીઓ, જીવદયાના કાર્યમાં દાન આપતા દાનવીર ભામાશાઓ, પર્યાવરણ પ્રેમીઓના આઠ દિવસીય, નિવાસી, પ્રવાસી, સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ સંમેલનમાં જીવદયા સંસ્થાઓને સ્વાવલંબન તરફ વાળવા, ગૌ આધારીત સાંસ્કૃતીનું પુનઃસ્થાપન, ગૌચર વિકાસ, ગૌ આધારીત કૃષિ-આરોગ્ય અને પર્યાવરણર્થે જનજાગરણ, ગૌપાલન, જીવરક્ષા અંગેના વિવિધ કાયદાઓનું નિર્માણ તથા હાલના કાયદાઓના કડક અમલીકરણ, ગૌ સંવર્ધનને પ્રોત્સાહન, ગૌશાળા-પાંજરાપોળની આંતર માળખાકિય સુવિધાઓ ઉભી કરવા, પશુ-પક્ષીઓના આરોગ્યની જાળવણી, ભાવના અને વિજ્ઞાનનો સમન્વય, માનવ માત્રમાં પક્ષીઓ, પ્રાણીઓ પ્રત્યે વધુ કરૂણા જગાડવા, વરસાદી પાણીનો સંગ્રહ, સ્વદેશી વૃક્ષોનું વાવેતર, સ્વચ્છ દૂધ ઉત્પાદનોની ઉપલબ્ધી, પાકની રક્ષા માટે અહિંસક-સ્વદેશી ઉપચારો, શાકાહાર પ્રચાર-પ્રસાર સહિતના અનેકો મુદા ઉપર વિસ્તૃત, પ્રેક્ટીકલ અને દૃષ્ટાંતો સહિત પરીણામલક્ષી ચર્ચા કરાશે. આ સંમેલનમાં સાધુ-સંતો તેમજ દેશના જાહેર જીવનના અગ્રણીઓ ખાસ ઉપસ્થિત રહેશે. પ્રવાસ દરમ્યાન ગુજરાતની તેમજ રાજસ્થાન તથા મહારાષ્ટ્રની જોવા લાયક, ગૌશાળાઓ-પાંજરાપોળોની મુલાકાતો લેવાશે, પ્રત્યક્ષ માર્ગદર્શન અપાશે.

તા.૧૦, સપ્ટેમ્બરને શનીવારના રોજ શરૂ થનાર આઠ દિવસીય પ્રવાસયાત્રા મહારાષ્ટ્રના નાગપુર જિલ્લાના દેવલાપર ગામે પહોંચી જવાનું રહેશે અને ત્યાંથી યાત્રા-પ્રવાસ શરૂ થશે તા. ૧૧, સપ્ટેમ્બરના રોજ દેવલાપર ગામે ગૌશાળાનું નિરીક્ષણ અને સુનીલ માનસીંઘકાજી દ્વારા આખો દિવસ માર્ગદર્શન અપાશે. તા.૧૨, સપ્ટેમ્બરના રોજ મહારાષ્ટ્રના જલગાંવ ખાતે બાફનાજીની ગૌશાળા ખાતે આખો દિવસ કાર્યક્રમ તથા અભ્યાસ વર્ગ યોજાશે. તા. ૧૩, સપ્ટેમ્બરના રોજ ગુજરાતના વાપી ખાતે શ્રી અજીત સેવા ટ્રસ્ટ સંચાલીત પાંજરાપોળનું નિરીક્ષણ તથા દામોદર ગૌશાળા ખાતે અભ્યાસ વર્ગ યોજાશે. તા.૧૪, સપ્ટેમ્બરે ધર્મજ ગામે ગૌચર વિકાસ દ્વારા ગ્રામ વિકાસ સંગોષ્ઠી તથા ગોકુલગાંવ ખાતે ક્ષારવાળી જમીનનો સુધાર તથા અમદાવાદની બંસી ગૌશાળા ખાતે ગોપાલ સુતારીયાનું માર્ગદર્શન અપાશે. તા. ૧૫, સપ્ટેમ્બરે રાજકોટ સ્થિત શ્રીજી ગૌશાળા ખાતે એક દિવસીય શિબીર અંતર્ગત મિતલ ખેતાણી, ડો. પ્રભુદાસ તન્ના, રમેશભાઈ ઠકકર દ્વારા માર્ગદર્શન અપાશે તથા સદભાવના વૃધ્ધાશ્રમનાં વિજયભાઈ ડોબરીયા દ્વારા વૃક્ષારોપણ નું માર્ગદર્શન અપાશે. ૧૬, સપ્ટેમ્બરે બનાસકાંઠાના ભાભર ખાતે જલારામ ગૌશાળામાં આખો દિવસ પ્રશિક્ષત વર્ગ યોજાશે તથા તા.૧૭ સપ્ટેમ્બરના રોજ પાવાપુરી તથા પીંડવાડા ખાતે પ્રશિક્ષણ વર્ગ તથા સાંજના આ આઠ દિવસીય મેગા પ્રવાસી સંમેલન કાર્યક્રમની પૂર્ણાહતી થશે.

જીવદયા પ્રેમીઓના આ આઠ દિવસીય, પ્રવાસી–નિવાસી મેગા સંમેલનની વિશેષ જાણકારી તથા રજીસ્ટ્રેશન માટે ગિરીશ શાહ (મો. ૯૮૨૦૦ ૨૦૯૭૬), રાજસ્થાનના રજીસ્ટ્રેશન માટે દેવેન્દ્ર જૈન (મો.૯૮૨૫૧ ૨૯૧૧૧), ગુજરાતનાં રજીસ્ટ્રેશન મિતલ ખેતાણી (મોઃ ૯૮૨૪૨ ૨૧૯૯૯), ઉતરપ્રદેશના રજીસ્ટ્રેશન માટે અનીમેષજી ગુપ્તા, મહારાષ્ટ્રના રજીસ્ટ્રેશન માટે સુનીલજી સુર્યવંશી તથા મધ્યપ્રદેશના રજીસ્ટ્રેશન માટે સંજય સીસોદીયા નો સંપર્ક કરવા સમસ્ત મહાજનનાં મેનેજીંગ ટ્રસ્ટી, એનીમલ વેલ્ફેર બોર્ડ ઓફ ઈન્ડિયાના મેમ્બર શ્રીગિરીશભાઈ શાહ (મોઃ ૯૮૨૦૦ ૨૦૯૭૬)ની યાદીમાં જણાવાયું છે.

### બે વર્ષ બાદ અંબાજીનો ભાદરવી પૂનમનો મેળો યોજાશે

અંબાજી,તા.૭

કોરોનાના બે વર્ષ દરમિયાન અનેક એવા કાર્યક્રમો પર રોક લાગી હતી, જેમાં માનવ મહેરામણ ઉમટી પડતુ હોય. ત્યારે ૨૦૨૨ માં બે વર્ષ બાદ હવે કાર્યક્રમો આયોજિત થઈ રહ્યાં છે. અંબાજીના ભાદરવી પૂનમના મેળાને પણ મંજૂરી મળી ગઈ છે. ત્યારે અંબાજીમાં આગામી તા. ૫ થી ૧૦ સપ્ટેમ્બર દરમિયાન ભાદરવી પૂનમનો મેળો યોજાશે તેવી જાહેરાત તંત્ર દ્વારા કરી દેવાઈ છે. બે વર્ષ બાદ ફરીથી ભાદરવી પૂનમનો મેળો યોજાશે. અંબાજીના ભાદરવી પૂનમના મેળાના અંગે પાલનપુર ખાતે બેઠક યોજાઇ હતી. ત્યારે આ વર્ષે ભાદરવી પૂનમમાં વધુ ભક્તો ઉમટી પડે તેવી શક્યતા છે, કારણ કે સતત બે વર્ષ ભક્તો પૂનમથી દૂર રહ્યા હતા. આ વર્ષે દૂરદૂરથી લાખો પદયાત્રિકો માતાજીના દર્શનાર્થે આવવાની ધારણા છે. અંબાજી મંદિર ટ્રસ્ટ દ્વારા મેળાના આયોજન માટે બે મહિના અગાઉથી જ વ્યાપક તૈયારીઓ શરૂ કરી દેવાતી હોય છે.

## ઈડર પોલિસ સ્ટેશન ખાતે પોલિસ ઇન્સ્પેકટર ઉપર થયો હૂમલો નોધાઇ પોલીસ ફરીયાદ




સાબરકાંઠા

ઈડર પોલિસ સ્ટેશન ખાતે પોલિસ ઈન્સ્પેકટર ઉપર થયો હૂમલો દેસી દારૂ બાબતે નોંધાયેલ ફરીયાદ ને લઈ બચાવ પક્ષ માં આવેલ માંથા ભારે ઈશમે કર્યો પોલિસ ઈન્સ્પેકટર ઉપર હૂમલો કરતા નોધાઈ પોલીસ ફરીયાદ

પ્રજા નાં રક્ષક ગણાતા પોલીસ કોન્સ્ટેબલ અને પોલિસ ઈન્સ્પેકટર ઉપર ધોડા દિવસે એક માંથા ભારે ઈશમે ઉશ્કેરાઈ જઈ પહેલા ટેલિફોનિક અને ત્યાર બાદ પોલીસ મથકે પહોચી પોલિસ ઈન્સ્પેકટર ઉપર હૂમલો કરતા સમગ્ર વિસ્તાર માં ચકચાર મચી જવા પામી છે ઈડર પોલીસ મથકે બે દિવસ અગાઉ દેસી દારુ બાબતે એક ઈસમ સામે ગેરકાયદેસર દારૂ નાં વેચાણ અર્થે ઈડર પોલીસ મથકે ફરીયાદ નોંધવામાં આવી હતી જે ફરીયાદ ને લઈ બુટલેગર નાં બચાવ પક્ષ માં આવેલ ભગીરથસિંહ નામના માંથા ભારે ઈસમે પોલીસ કોન્સ્ટેબલ જયદીપસિંહ અને પોલિસ ઈન્સ્પેકટર સાથે ટેલિફોનીક વાતચીત દરમિયાન ધાક ધમકી ઓ આપી હતી આરોપી ને ટેલિફોનીક વાતચીત માં રાહતનાં થતાં તેને ઉશ્કેરાઈ જઈ ઈડર પોલિસ મથકે અન્ય ચાર માંથા ભારે ઈસમો સાથે પહોચી જઈ ફરજ ઉપર હાજર પોલિસ ઈન્સ્પેકટર ઓફિસ બહાર લગાવેલ સરકારી મિરલ કાચ તોડી નાખી પોલીસ અધિકારી અને પોલીસ સ્ટાફ સાથે ઉગ્ર બોલાચાલી કરી આરોપી પલાયન થઈ ગયો હતો જેને લઈ ઈડર પોલિસે ભગીરથસિંહ નામનાં માંથા ભારે ઈસમ તેમજ અન્ય ચાર ઈસમો સામે પોલીસ ફરીયાદ નોધી આરોપી ને જેલ હવાલે કરવાનાં ચક્રો ગતીમાન કર્યા છે.

## ખેડૂત-ખેતી અને ખેત મજૂરના ગૌરવ સાથે આદિવાસી સંસ્કૃતિની ઓળખ અને સોડમ અન્ય લોકો સુધી પહોંચાડતી 'ડાંગી રેસ્ટોરાં'

### પ્રાકૃતિક ડાંગના ઉંબરે આવેલી રેસ્ટોરાં સાથે ડાંગ/વાંસદા પ્રદેશની સંસ્કૃતિ અને પ્રાકૃતિક ધનધાન્યનુ વેચાણ કમ પ્રદર્શન પણ આકર્ષણનુ કેન્દ્ર



આહવા: તા: ૭: પ્રાકૃતિક ડાંગના પોષણમૂલ્યો ધરાવતા ધનધાન્ય, શાકભાજી, અને તેલ મસાલાના વેલ્યૂ એડેડ વ્યંજનો, ભોજનનો રસથાળ તૈયાર કરીને, સ્વાદ રસિયાઓને મજ્જો કરાવતી રેસ્ટોરાં એટ્લે ડાંગના ઉંબરે આવેલી 'ડાંગી રેસ્ટોરાં'

રાજ્ય સરકારે જ્યારથી ડાંગ જિલ્લાને પ્રાકૃતિક ખેતી કરતો જિલ્લો જાહેર કર્યો છે, ત્યારથી અહીના ખેત ઉત્પાદનોનુ લોકોને ઘેલુ લાગ્યુ છે. ખાસ કરીને 'કોરોના કાળ' બાદ સ્વાસ્થ્યપ્રદ ખોરાક પાણીની શોધ જ્યા પૂરી થાય છે, તેવા ડાંગના પ્રવેશ દ્વાર એવા વઘઈથી માત્ર પંદરેક કિલોમીટરના અંતરે, વાંસદા-વઘઇ રોડ (જીઍ ૬.૧૫) ઉપર રજવાડી નગર વાંસદાને અડીને આવેલા મોટી ભમતી ગામે, તમને ડાંગી ભોજનની સોડમ અને સ્વાદ માણવા મળે, તેવો સાહસિક પ્રયોગ સ્થાનિક યુવાન શ્રી ધર્મેશ ભિવસેન અને તેમના 'ડાંગી ગ્રુપ' એ કર્યો છે.

શ્રી ધર્મેશભાઈ તથા તેમનુ 'ડાંગી ગ્રુપ' છેલ્લા પાંચ સાત વર્ષોથી પ્રાકૃતિક ખેતી ક્ષેત્રે સંકળાયેલા હતા. તેવામા રાજ્ય સરકારે ડાંગના ત્રણેય તાલુકાઓ સુબીર, આહવા, અને વઘઇ સહિત પાડોશી જિલ્લાની, એક સરખી ભૂપૃસ્ઠ ધરાવતા વાંસદા, ધરમપુર, અને કપરાડાને પણ પ્રાકૃતિક ખેતી કરતા વિસ્તાર તરીકે જાહેર કરીને, આ પ્રદેશને અનોખી ગરિમા પ્રદાન કરવા સાથે, સમાજને સ્વાસ્થ્યપ્રદ ધનધાન્ય પૂરા પાડવાની નવી દિશા દેખાડી છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારથી 'કૃષિ મહોત્સવ'ના માધ્યમથી, કૃષિકારોની આવક બમણી કરવા સાથે, વેલ્યૂ એડેડ ખેત ઉત્પાદનોના હિમાયતી રહ્યા છે. તેમના દ્વારા જે તે સમયે વવાયેલા આ વિચારબીજનુ જતન, સંવર્ધન કરીને આ યુવાન તથા તેમના ગ્રુપે સાહસિક કદમ ઉઠાવીને, શરૂઆતમા ખેડૂતોના જૂથો, અને ક્લસ્ટર બનાવી વધુમા વધુ ખેડૂતોને પ્રાકૃતિક ખેતી તરફ વાળ્યા. સાથે સાથે તેમના દ્વારા ઉત્પન્ન થતા અનાજ, શાકભાજી, મસાલા પાક ખરીદીને તેનુ મૂલ્યવર્ધિત ઉત્પાદન, બ્રાન્ડિંગ, આકર્ષક પેકેજિંગ કરીને, અનેકવિધ વેરાઈટિઓ પ્રજાજનોની સમક્ષ પ્રસ્તુત કરી.

વાંસદા થી ગિરિમથક સાપુતારા-નાશિક-શિરડી અને ખૂબસૂરત ડાંગના પ્રવાસે આવતા લોકોને, આમેય પ્રાકૃતિક પેદાશોનુ ઘેલુ લાગ્યુ છે. ત્યારે મોટી ભમતીના આ ગ્રુપે મોકો જોઈને ચોગ્ગો ફટકાર્યો છે.

'ડાંગી રેસ્ટોરાં' માત્ર ડાંગી-પ્રાકૃતિક ભોજન માત્ર જ નથી પીરસતી. પણ ડાંગ-વાંસદાના આદિવાસી કલ્ચરને પણ બખૂબી ઉજાગર કરે છે. આકર્ષક ગામઠી લીંપણવાળી ઝૂંપડીઓ, કલાત્મક ટેબલ-ખુરશી સાથે ભારતીય પદ્ધતિની બેઠક, ખાટલા, હિંચકો, ગાલ્લુ, અનાજ દળવાની ઘંટી અને અનાજ ખાંડવાની દળી, આધુનિક્તા અને પ્રાચીન સંસ્કૃતિનો સુમેળ સાધીને તૈયાર કરાયેલુ ઇંટિરિયર, ચૂલા ઉપર રંધાતુ શુદ્ધ અને સ્વાદિસ્ટ ભોજન, ગામઠી આતિથ્ય સત્કાર સાથે સાથે ગામડાગામમા કોઈના મહેમાન થયા હોવ તેવો અહેસાસ, અને તમારા મન અને પેટ ભરાઈ ત્યાં સુધી ભાવથી કરાવાતુ ભોજન, તમને સંતોષનો ઓડકાર આપવા માટે કાફી છે. ભોજન સાથે અહી આદિવાસી સંસ્કૃતિની ઝાંખી કરાવતુ નાનકડુ મ્યુઝિયમ, અને પ્રાકૃતિક પેદાશોનુ વેચાણ-કમ-પ્રદર્શન કરતુ આઉટ લેટ, ગારમાટી-ઘાંસ-વાંસ-લીંપણ ધરાવતી હટ્સમા, ધીમા પણ કર્ણપ્રિય સંગીત સાથે ભોજન પીરસતી આ 'ડાંગી રેસ્ટોરાં' અને 'આઉટ લેટ' માટે અહી બે ડઝનથી વધુ સ્થાનિક મદદગારો રાખી, તેમને સ્વરોજગારી પૂરી પાડવામા આવી રહી છે, તેમ જણાવતા 'ડાંગી રેસ્ટોરાં'ના યુવાન ટિમ લીડર શ્રી ધર્મેશ ભિવસેને, પ્રજાજનોની માંગને ધ્યાને લઈને આ રેસ્ટોરાંનો કોન્સેપ્ટ વિચારાયો છે, તેમ જણાવ્યુ હતુ. અહીનુ ઈંટિરિયર શહેરી અને ગામડાના લોકોને પણ પસંદ અને માફક આવે તેવો નવતર પ્રયોગ અહી કરાયો છે. તેમ કહેતા શ્રી ધર્મેશભાઈએ, અહી ઉપયોગમા લેવાતા એક એક વાસણો સહિત નાનામા નાની ચીજવસ્તુઓને અન્યોથી અલગ ઓળખ આપવાનો પ્રયાસ કરાયો છે, તેમ જણાવ્યુ હતુ.

માત્ર કોલેજ સ્તર સુધીનુ જ શિક્ષણ મેળવી શકેલા આ સાહસિક યુવાન તથા તેમના ગ્રુપે ખેડૂત-ખેતી અને ખેત મજૂરને ગૌરવ મળે, તથા આદિવાસી સંસ્કૃતિની ઓળખ અને સોડમ અન્ય લોકો સુધી પણ બખૂબી પહોંચી શકે તેવા પ્રયાસોના ભાગરૂપે 'ડાંગી રેસ્ટોરાં' શરૂ કરી હોવાનુ ગર્વભેર જણાવ્યુ છે. સાથે સાથે સ્થાનિક યુવક/યુવતીઓને ઘરઆંગણે જ રોજગારી ઉપલબ્ધ કરાવવાનો પણ આ પ્રયાસ છે તેમ તેમણે વધુમા ઉમેર્યું હતુ.

આ સાથે ડાંગ અને વાંસદા વિસ્તારમા પ્રાકૃતિક ખેત ઉત્પાદનો, મસાલા, અને ઔષધિય પાકોના વિતરણ તથા વાવેતર સાથે પણ શ્રી ધર્મેશભાઈ તથા તેમનુ ગ્રુપ જોડાયુ છે. જેઓ આદિજાતિ વિકાસ વિભાગની કૃષિ વૈવિધ્યકરણ યોજના હેઠળ પ્રાકૃતિક કૃષિના કાર્યને આગળ વધારી રહ્યા છે. તેમ, ડાંગના પ્રાયોજના વહીવટદાર શ્રી કે.જે.ભગોરાએ જણાવ્યુ હતુ.

ડાંગના સીમાડે આવેલી આ રેસ્ટોરાંની મુલાકાત રાજયના આદિજાતિ વિકાસ વિભાગના મંત્રી શ્રી નરેશભાઈ પટેલ, પાણી પુરવઠા મંત્રી શ્રી જીતુભાઈ ચૌધરી સહિત, રાજ્યના આદિજાતિ કમિશનર શ્રી મુરલી ક્રિષ્ના ઉપરાંત અનેક નામી અનામી લોકો લઈ ચુક્યા છે, એમ પણ તેમણે એક મુલાકાતમા કહ્યુ હતુ.આપ પણ આ વિસ્તારના આતિથ્ય સત્કાર સાથે પ્રાકૃતિક ધનધાન્યના ઉપયોગથી તૈયાર કરાતા વ્યંજનોનો રસાસ્વાદ માણવા, એકવાર 'ડાંગી રેસ્ટોરાં' ની મુલાકાત લઈને, પ્રાકૃતિક ખેત ઉત્પાદન સાથે સંકળાયેલા ખેડૂત, ખેતી, અને ખેત મજૂરને પ્રોત્સાહિત કરો તે સમયની માંગ છે.

નરેન્દ્ર પવાર
ડાંગ

## દાંતામાં સગીર યુવતીનું અપહરણ કર્યા બાદ જન્મનું ખોટું સોગંદનામું રજૂ કરી પ્રેમ લગ્ન કરતાં ફરિયાદ નોંધાઇ

બનાસકાંઠા

યુવતી ના પિતા એ બે સાક્ષી, તલાટી અને મહારાજ સામે ગુનો નોંધવા પોલીસ મથકના પગથીયા ઘસી નાખ્યા : પરિણીતાને ઉઠાવી જઇ ઓછી ઉંમર હોવા છતાં જન્મનું ખોટું સોગંદનામુ રજૂ કરી પ્રેમ લગ્ન કરાવી દીધાનો આક્ષેપ

દાંતા તાલુકાના એક ગામની પરિણીત યુવતીને બાજુના જગતાપુરાનો સગીર અપહરણ કરી ગયો હતો. જે પછી ઓછી ઉંમર હોવા છતાં જન્મનું ખોટું સોગંદનામુ રજૂ કરી સગીરના પ્રેમ લગ્ન કરાવી દીધા હતા.આ અંગે યુવતીના પિતાએ અપહરણકર્તા શખ્સ અને પોતાની પુત્રી સામે દાંતા પોલીસ મથકે ફરિયાદ નોંધાવી હતી. જો કે, લગ્ન કરાવવામાં મદદગારી કરનાર ૨ સાક્ષી, તલાટી અને લગ્ન કરાવનાર મહારાજ સામે કલમ-૪૬૮ મુજબ ગુનો નોંધાવવા ગૃહસ્થ દાંતા પોલીસ મથકના પગથીયા ઘસી રહ્યા છે. આ અંગે તેમણે જીલ્લા પોલીસ વડા સહીત ઉચ્ચકક્ષાએ રજૂઆત કરી છે. આ અંગેની વિગત એવી છે કે, દાંતા તાલુકાના નાગેલના ગૃહસ્થે તેમની પુત્રીના લગ્ન વશી ગામમાં કર્યા હતા. જ્યાં તેણી એક માસ અને ૧૦ દિવસ રહ્યા પછી પિયર પરત આવી હતી.

તે દરમિયાન તા. ૧૩ જુલાઇ ૨૦૨૧ ના દિવસે બાજુના જગતાપુરા ગામનો સગીર તેણીનું અપહરણ કરી ગયો હતો. જે બંનેએ તા. ૧૪/૦૭/૨૦૨૧ ના રોજ ખેડા જીલ્લાના થસરા તાલુકાના ચંદાસર ગામમાં પ્રેમ લગ્ન કરી લીધા હતા.આ અંગે ગૃહસ્થે ગુજરાત હાઇકોર્ટમાં હેબિયર્સ કોપર્સ રીટ દાખલ કરતાં પોલીસે બંનેને કોર્ટમાં રજૂ કર્યાં હતા. જેમાં તેમની પુત્રીએ જેની સાથે પ્રેમ લગ્ન કર્યાં હતા. તેની પાસે જવાનું કહેતાં કોર્ટે તેને સોંપી હતી.તે દરમિયાન ગૃહસ્થે આ શખ્સનું લીવીંગ સર્ટી મેળવતાં તેની જન્મ તા. ૩૧/૦૮/૨૦૦૨ હતી. જે પુખ્ત વયનો ન હોવા છતાં તેના જન્મના પ્રમાણપત્રનું સ્ટેમ્પ પેપર ઉપર ખોટું સોગંદનામું કરાવી પ્રેમ લગ્ન કર્યાં હતા. આથી તેમણે પોતાની પુત્રી અને લગ્ન કરનારા શખ્સ સામે દાંતા પોલીસ મથકે તા. ૧૮/૧૧/૨૦૨૧ ના રોજ ફરિયાદ નોંધાવતાં પોલીસે બંને સામે ગુનો નોંધ્યો હતો.જો કે, જન્મનું ખોટું સોગંદનામું કરી આ લગ્નમાં સાક્ષી બનેલા વડગામ તાલુકાના વગદડી ગામના ૨ શખ્સો, ચંદાસરા ગ્રામ પંચાયતના તલાટી કમમંત્રી અને પ્રેમ લગ્ન કરાવનાર પાલનપુરના મહારાજ સામે આ ગુનામાં ભારતીય ફોજદારી ધારાની કલમ-૪૬૮ મુજબ આરોપીઓના નામ ઉમેરવા માટે પોલીસ વડાને રજૂઆત કરી છે.આક્ષેપ કરતાં જણાવ્યું હતુ કે, 'દાંતા પોલીસ મથક અને પોલીસ વડા સહીત ઉચ્ચકક્ષાએ વારંવાર રજૂઆતો કરવા છતાં પોલીસ દ્વારા કોઇ કાર્યવાહી કરવામાં આવતી નથી.

આ અંગે દાંતા પોલીસ મથકના પી.એસ.આઇ. એ. આર. જાદવે જણાવ્યું હતું કે, 'પ્રેમ લગ્ન કરનારા સગીરે રજૂ કરેલા એલ.સી.ના જન્મના પ્રમાણપત્રમાં ઓછી ઉંમર હોવાનું ફલિત થાય છે.

જે મુજબ તેની સામે પોલીસ મથકે બાળ લગ્ન પ્રતિબંધક કલમ મુજબ ગુનો નોંધવામાં આવ્યો છે. જેમાં મદદગારી કરનાર ૨ સાક્ષી, તલાટી, નોટરી અને પ્રેમ લગ્ન કરનાર બંનેની અટકાયત કરાઇ છે. જો કે, યુવતીના પિતા જે આક્ષેપ કરી રહ્યા છે. તે જન્મ તારીખનું પ્રમાણપત્ર માત્ર તેમની પાસે જ હશે. પોલીસ તપાસમાં પણ કોઇપણ જગ્યાએથી સગીર દ્વારા બનાવેલ ખોટા દસ્તાવેજો કે જન્મનું પ્રમાણપત્ર ખોટું બનાવેલ હોય તેવું ફલિત થયેલ નથી. જેથી તેમની સામે કલમ-૪૬૮ ઉમેરી શકાય નહી.'

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.